RNI Regd. No. GUJMUL/2016/68324
साल-२, अंक-३, पेईज-३६, मूल्य : रू. २५, दिनांक : १ अगस्त - २०१७
Year-2, Issue-3, Page-36, Price : Rs. 25, Date : 01 August - 2017

# CRIME FORCE

....... *Always Alert, To Stop The Crime*

सत्यमेव जयते



# 'જગતનો તાત' પરિસ્થિતિથી મ્હાત...

24 HOURS OPEN

Cafe

**ENJOY!**
**LEISURE TIME**
**NOW**
**AT ANY TIME**

# apple Bite

**Multicuisine Restaurant & Cafe**



**Applebite Hospitality Pvt.ltd**

4 Plus, Sardarnagar Main Road, Astron Chowk, Rajkot-360 001.
Tele. 0281-2480881, E-mail: info@applebiterjt.com

RNI Regd. No. GUJMUL/2016/68324
साल : २ - अंक : ३
दिनांक : ०१-०८-२०१७
"Crime Force"
(Monthly) Volume-2, Issue-3
01 st August - 2017, Page : 36



मालिक-प्रकाशक-मुद्रकश्री
रणजीतसिंह जे. जादव



तंत्रीश्री
विजयभाई बी. साणथरा



सह तंत्रीश्री
सतीषभाई बी. सोलंकी

For Booking And Advertisement
Mob. : 75750 55666

सालाना लवाजम
भारत में : रू ३००/-
विदेश में : रू २०००/-

# तंत्री कोलम...

## अब सिर्फ कडी नींदा नहीं, 'एकशन' चाहीये..!

पिछले महिने अमरनाथ यात्रालुओ पर हुए आतंकी हमले में ८ श्रध्धालुओ की मौत हुई और १९ घायल हुए। ये हमले से देश की १३३ करोड की जनता में रोष भरा हुआ है और वो कह रही है की बस अब बहोत हुआ सरकार को अब आतंकवादी के हमले में शीर्फ कडी नींदा नहीं परंतु 'एकशन' लेना चाहीये।

आतंकवाद के सरगना सैयद सलाहुदीनने थोडे समय पहले एक टी.वी. चेनल से कहाथा की 'में जब चाहु तब और जहाँ चाहुँ वहाँ आतंकवादी हमला कर शकता हुं' और हमारी कमनसीबी देखो की उसकी ये बात सच साबित हुई।

ये सब बातों को लेकर हमारे मनमें एक सवाल पैदा होता है की कया हम आतंकवाद का सामना करने में असमर्थ है ? अब तो अपने वडाप्रधान देश-विदेश के राजकीय दौरे पे जाते है वहाँ भी सर्जीकल स्ट्राईक की बाते करते है और कहते है की आतंकवाद को मिटाना होगा। लेकीन बातों से कया होता है असल में असरकारकता परिणामलक्षी होनी चाहीए।

हमारी सिस्टम में अनेक कमीयाँ होती है जिसके कारण आतंकवादी अपने नापाक ईरादों में सफल होते है। ईझरायेल जैसे देश से हमे कुछ सीखना पडेगा की उसके चारों ओर आतंकवादी संगठन है और फीर भी ईझरायेल अपनी सिस्टम से उसे हरा रहा है। भारत और ईझरायेल की ईच्छाशकित में ईतना फर्क कयों ? ईस आतंकवाद का सामना करने में भारत ईझरायेल जैसा कब बनेगा ?

**मुख्य कार्यालय :**
राज कोम्प्लेक्ष,
स्टार प्लाझा के सामने,
फुलछाब चौक, राजकोट - ३६० ००१
E-mail : crimeforce9@gmail.com

| दिल्ही ब्युरो ओफिस | मुंबई ब्युरो ओफिस | गांधीनगर ब्युरो ओफिस | सुरत ब्युरो ओफिस |
|---|---|---|---|
| सुभाषभाई अग्रवाल | असित वी. सोनी | ईश्वरलाल के. पटेल | भगतसिंह बी. झनकाट |
| Mo. 093122 87276 | Mo. 075060 70805 | Mo. 094278 01647 | Mo. 099985 39341 |
| 2463/64, नवाब बिल्डींग, जी.बी. रोड, दिल्ही-110006 | B/16, शांति केम्पस, स्नेहा रेस्टोरेन्ट के पास, नाहुर रोड, मुलुंड (वेस्ट) मुंबई-400080 | प्लोट नं. 317, जी.अेच.-6 कोर्नर, सेक्टर 29, गांधीनगर-382030 | गोकुलधाम शोपींग, कार्तिकनगर के पीछे, छपराभाथ, अमरोली, सुरत-394107 |

# अनुक्रमणिका...


| | |
|---|---|
| राजकीय... | 05 |
| ईन्टरनेशनल क्राईम स्टोरी... | 08 |
| ड्रेगन की दादागीरी... | 11 |
| वैश्विक समस्या... | 13 |
| रक्षाक्षेत्र में भी भ्रष्टाचार... | 15 |
| सांप्रत समस्या... | 21 |
| एन.पी.ए. एक समस्या... | 24 |
| अहो वैचीत्रम्... | 26 |
| स्वास्थ्य विषयक... | 28 |
| डोंगरी से दुबई तक... | 30 |




# લાલુ એન્ડ ફેમિલીના ભ્રષ્ટાચારના ભોરીંગે બિહારમાં ગઠબંધનનો કર્યો 'કોળીયો'



दोस्त... दोस्त... ना रहा...



આપણા દેશમાં રાજકારણને અમુક લોકોએ ધંધો બનાવી દીધો છે. તેઓ એમ સમજે છે કે રાજકારણમાં જોડાઈ જાઓ અને ટૂંક સમયમાં અબજોપતિ બની જાઓ. હકીકતમાં પણ કંઈક એવું જ જોવા મળે છે. કોઈ વ્યકિત રાજકારણમાં નવો સવો જોડાય ત્યારે તેની સંપતિ બહુ જ ઓછી હોય છે અથવા તો તે ગરીબ પણ હોય છે. પરંતુ નસીબના જોરે અને યેનકેન પ્રકારે રાજકારણમાં પ્રવેશ્યા પછી તેની સંપતિ અમુક વર્ષોમાં જ કરોડો નહી પણ અબજોની થઈ જાય છે. તો શું આપણે એમ માનવુ કે તેણે બહુ જ મહેનત કરી છે ? તે ઈમાનદારીથી મહેનતનાં પૈસા કમાય છે ? ના, એવુ નથી સાહેબ, આ તો ભ્રષ્ટાચારનો 'પ્રસાદ' છે અને જેમ જેમ રાજકારણમાં રીઢો થતો જાય તે વ્યકિત ભ્રષ્ટાચારનો સહારો લઈને પોતાના અંગત સ્વાર્થ માટે થઈને દેશ અને દેશની પ્રજા સાથે દગાખોરી કરીને પોતાની સંપતિમાં અઢળક વધારો કરતો જાય છે.

**રાજકારણ...**
**- રણજીતસિંહ જાદવ**

આમ પ્રજા પણ સમજે છે કે, આવા નઠારા રાજકારણીઓને લઈને દેશમાં ભ્રષ્ટાચારનો ભોરીંગ ભરડો લઈ ગયો છે અને દેશના અર્થતંત્રને ખોખલો બનાવી રહયો છે. પરંતુ આપણે એટલે કે સામાન્ય પ્રજાને આ બધુ કોઠે પડી ગયુ છે અને મૂંગે મોઢે સહન કરવું એ આપણો અબાધિત અધિકાર હોય તેમ આપણે સહન કરતા જઈએ છીએ અને આવા નઠારા અને ભ્રષ્ટાચારી નેતાઓ બંને હાથે દેશની પ્રજાનો પૈસો લૂંટયે જાય છે.

આપણે ભ્રષ્ટાચારી નેતાઓ તો ઘણા જોયા છે પણ આજે આપણે અહી 'આખે આખા' એવા ફેમિલીની વાત કરવાની છે જેમાં બાપ – બેટો – માં – જમાઈ – બેટી બધા જ ભ્રષ્ટાચારીઓ બની ગયા છે. જી હા... એ જ લાલુપ્રસાદ યાદવના કુટુંબની જ આપણે વાત કરી રહયા છીએ.

લાલુપ્રસાદ યાદવની લોકપ્રિયતાનો ફુગ્ગો ફૂટી ગયો છે. માં–બાપ, બેટા–બેટી દરેકની પાસેથી કરોડોની બેનામી સંપતિ પકડાઈ છે. લાલુ કુટુંબની પાછળ 'સુમો' પડી ગયો છે. અને એક પછી એક કૌભાંડો બહાર આવી રહયા છે. અહીં 'સુમો' એટલે સુશીલકુમાર મોદી. બિહાર ભાજપે આ સુમોને સાઈડ કરી દીધા હતા. આજે એ જ સુમો ભાજપના નેતાઓમાં લોકપ્રિય બની ગયો છે. લાલુપ્રસાદ યાદવ તો ઘાસચારા કૌભાંડમાં ફરી જેલમાં જતા જશે પણ જો ઉંડી તપાસ કરવામાં આવશે તો આખુ

કુટુંબ જેલ ભેગુ થઈ જશે એવા સંજોગો ઉભા થયા છે.

બિહારમાં ભ્રષ્ટાચાર વિહોણી ઈમેજ ધરાવતા નીતીશકુમારે રાષ્ટ્રીય જનતાદળ સાથે જોડાણ કરીને સરકાર બનાવીને પોતે મુખ્યમંત્રી બન્યા હતા. એવુ ચર્ચાતુ હતુ કે જો નીતીશકુમાર લાલુ સાથે છેડો ફાડશે તો લાલુ સાવ ભોંય ભેગા થઈ જશે. ભાજપે તો ત્રઈણ–ચાર મહિના અગાઉ નીતીશને ભાજપમાં જોડાવા આમંત્રણ આપ્યુ હતુ. વડાપ્રધાન મોદી અને નીતીશકુમાર વચ્ચે હવે બગડેલા સંબંધો ફરી સુધરવા લાગ્યા છે. જો કે ભાજપે તેના 'સુમો' ની મદદથી લાલુપ્રસાદ યાદવ સામે ભ્રષ્ટાચારના બાણ ચલાવ્યા હતા.

હવે લાલુપ્રસાદ યાદવનો ભ્રષ્ટાચાર છાપરે ચઢીને પોકારી રહયો છે. જયપ્રકાશ નારાયણના આંદોલનમાંથી જન્મેલા આ યુવા નેતાએ રાજકારણનો ઉપયોગ પૈસા ભેગા કરવામાં કર્યો છે. જાતિવાદનો ઉપયોગ કરીને જંગ જીતનારા સામે હવે તપાસોનો દોર ચાલી રહયો છે.

બિહારની પ્રજાને દાયકાઓ સુધી મુર્ખ બનાવનાર લાલુપ્રસાદ યાદવ જયારે રેલ્વે પ્રધાન હતા ત્યારે રેલ્વેમાં નફો કર્યાનો પોકળ દાવો કરીને વાહ–વાહ મેળવતા હતા પરંતુ મમતા બેનરજી રેલ્વે પ્રધાન બન્યા ત્યારે આ દાવાનો ફુગ્ગો ફોડી નાખ્યો હતો.

લાલુપ્રસાદ યાદવના સમર્થકો કહે છે કે નીતીશ સાથે જોડાણ કરીને લાલુએ મોટી ભૂલ કરી હતી. નીતીશે જ લાલુ ફેમિલીની કારકીર્દી પતાવી નાખવાનું નકકી કર્યુ હોય એમ લાગે છે. સુશીલ કુમાર મોદીને લાલુની કંપનીના તેમજ મોલની જમીનની માલિકીના ડોકયુમેન્ટ પૂરા પાડનાર પણ નીતીશકુમાર હતા.

જેમાં લાલુપ્રસાદ યાદવના ડોકયુમેન્ટ નીતીશે આપ્યા હતા તો તેજસ્વી યાદવ વિરૂધ્ધના ડોકયુમેન્ટ બિહારના રાજયપાલને આપ્યા હતા. આ રાજયપાલ એટલે રામનાથ કોવિંદ.

ભાજપ એમ ધારણા રાખીને બેઠુ હતું કે લાલુ ફેમિલીના ભ્રષ્ટાચાર ખુલ્લા પડશે એમ એમ નીતીશકુમાર ભાજપ તરફ વળશે પરંતુ એવુ કાંઈ તાત્કાલીક ના થયુ. લાલુ – રાબડી – તેજસ્વી – મીસા વગેરેના ભ્રષ્ટાચાર એક પછી એક ખુલતા ગયા.

લાલુની પુત્રી મીસાનો સી.એ. પકડાયો ત્યારે ખબર પડી કે મીસા તો અબજોપતિ છે. લાલુના પુત્રના પેટ્રોલપંપનું લાયસન્સ રદ થયુ ત્યારે લાલુ કોઈ વિરોધી નિવેદન કરવા જાય તે પહેલા મીસા ભારતીની મિલ્કતો પર દરોડા પડયા હતા. તેનુ તથા તેના પતિ શૈલેષનું ફાર્મહાઉસ પણ સીઝ થયુ છે.

મીસા કોઈ વિરોધ કરે એ પહેલાં જ રાબડી દેવીની સંપતિની તપાસ શરૂ થઈ ગઈ હતી અને તેની મિલ્કતોને ટાંચ લેવાઈ હતી. ભારતમાં 'મીસા'નો કાયદો આવ્યો ત્યારે રાબડી દેવીની પુત્રીનો જન્મ થયો હતો માટે લાલુએ તેનું નામ મીસા રાખ્યુ હતુ. લાલુપ્રસાદના એક વેવાઈ મુલાયમસિંહ યાદવ પણ છે. અત્યારે લાલુપ્રસાદ યાદવ અને મુલાયમસિંહ બંને જણા રાજકારણની પાનખર દશાનો અનુભવ કરી રહયા છે.


આઝાદ ભારતમાં લાલુપ્રસાદ યાદવ નામનો રાજકારણી અને તેનું કુટુંબ બિન્દાસ્ત ભ્રષ્ટાચાર કરતુ રહયુ, જ... રહયુ, પકડાતુ રહયુ અને પુનર્જિવીત ... થતું રહયુ. જો કે, હવે આ કુટુંબનો ... કરૂણ છે. આ કુટુંબને આગળ લાવનાર યાદવો પણ સમજી ગયા છે કે આપણા નેતાએ સમાજનું કામ કરવાના બદલે પોતાનું ઘર વધુ ભર્યુ છે.

હવે લાલુપ્રસાદ યાદવનો ભ્રષ્ટાચાર છાપરે ચઢીને પોકારી રહયો છે. જયપ્રકાશ નારાયણના આંદોલનમાંથી જન્મેલા આ યુવા નેતાએ રાજકારણનો ઉપયોગ પૈસા ભેગા કરવામાં કર્યો છે. જાતિવાદનો ઉપયોગ કરીને જંગ જીતનારા સામે હવે તપાસોનો દોર ચાલી રહયો છે.

લાલુપ્રસાદ સામે કેસ ચાલુ છે જયારે તેમની પત્નિ, પુત્રો, પુત્રી અને જમાઈ પાસેથી લખલૂંટ સંપતિ અંગે બિહારમાં તપાસ ચાલુ છે. રામનાથ કોવિંદે પણ બિહારમાં લાલુપ્રસાદ યાદવનો ભ્રષ્ટાચાર બહાર લાવવામાં મદદ કરી હતી.

લાલુ કુટુંબ બિહારમાં સૌથી મોટો મોલ બાંધવાનું હતુ પણ 'સુમો' પાછળ પડયા પછી તેમનું સ્વપ્ન રોળાઈ ગયુ છે. લાલુ કુટુંબ હવે ડગલે ને પગલે તપાસનો સામનો કરી રહયુ છે. હવે તો લાલુ, રાબડીદેવી અને તેજસ્વી યાદવ સામે એફ.આઈ.આર. પણ થઈ ગઈ છે.

લાલુપ્રસાદ યાદવે એક જ રટણ ચાલુ રાખ્યુ હતુ કે મોદી સરકાર કિન્નાખોરી રાખે છે પરંતુ પોતાની જમીનો




ક્યારે લીધી, કેટલા પૈસામાં લીધી તે અંગે કોઈ ખુલાસો કર્યો નથી. હવે અત્યારે એવા સંજોગો ઉત્પન્ન થયા છે કે લાલુપ્રસાદના કુટુંબ અને જેલ વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

બિહારમાં નીતીશકુમાર 'સુશાસનબાબુ' તરીકે જાણીતા છે આથી લાલુ કુટુંબના આ ભ્રષ્ટાચારથી તે ખૂબ જ અકળાયેલા હતા. તેણે આ ભ્રષ્ટાચાર બાબતે વારંવાર લાલુપ્રસાદને રજુઆત કરી અને કહયુ કે 'તમે આ બાબતે પ્રજાની વચ્ચે ખુલાસો કરી દો'. આ ઉપરાંત મહાગઠબંધનના ત્રીજા સાથી કોંગ્રેસ પક્ષને પણ આ બાબતે કંઈક રસ્તો કાઢવા રજૂઆત કરી હતી. પરંતુ રાહુલ ગાંધીએ આ બાબતમાં અકળ મૌન સીવી લીધુ હતું. આથી કંટાળીને ૨૬ જૂલાઈના રોજ અચાનક નીતીશે વિધાયકોની મીટીંગ બોલાવીને પોતાના રાજીનામાનો નીર્ણય લીધો અને મીટીંગની થોડી વારમાંજ સાંજે ૬:૩૦ કલાકે ગવર્નર કેસરીનાથ ત્રીપાઠીને રાજીનામુ સોંપીને બિહારના રાજકારણમાં ધરતીકંપ લાવી દીધો. બિહારની પ્રજા કે મહાગઠબંધનના સાથી પક્ષો કંઈ સમજે તે પહેલા તો અગાઉથી ભાજપના મોવડીમંડળ સાથે મળીને લખાયેલી સ્ક્રીપ્ટ મુજબ ધડાધડ નિર્ણયો લેવા માંડયા અને લાલુપ્રસાદ અને કોંગ્રેસને ભોં ભેગા કરી દીધા.

નીતીશે રાજીનામુ આપ્યાની થોડી મીનીટોમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટવીટર પર નીતીશને અભીનંદન પણ આપી દીધા અને સામે નીતીશે તેમનો આભાર પણ માની લીધો. આ ઘટનાની અડધી કલાકમાં તો બિહારના ભાજપ અધ્યક્ષ સુશીલ મોદીએ વિધાયકોની મીટીંગ બોલાવીને ભાજપના મોવડી મંડળે આપેલી સૂચના મુજબ નીતીશને ટેકો પણ જાહેર કરી દીધો અને રાજયપાલને સમર્થન બાબતનો પત્ર પણ મોકલી




આપ્યો. ત્યારબાદ બધુ અગાઉથી નક્કી કર્યા મુજબ જ થયુ. નીતીશે રાજયપાલને મળીને સરકાર રચવાનો દાવો કર્યો અને પોતાની પાસે ૧૩૨ વિધાયકોનું સમર્થન છે તેનુ લીસ્ટ પણ સોંપી દીધુ અને રાત્રે જ કેસરીનાથ ત્રીપાઠીએ તે સ્વીકારીને બીજે દિવસે એટલે કે ૨૭ જૂલાઈના રોજ સવારે ૧૦ વાગ્યે શપથ ગ્રહણનું આમંત્રણ આપી દીધુ. આમ નીતીશે મુખ્યમંત્રી અને સુશીલ મોદીએ ઉપમુખ્યમંત્રી તરીકે શપથ પણ લઈ લીધા. તા. ૨૮ જૂલાઈના રોજ નીતીશે ૧૩૨ વિરૂધ્ધ ૧૦૮ મતે વિશ્વાસનો મત પણ મેળવી લીધો. ૨૯ જૂલાઈએ સાંજે ૫ કલાકે નીતીશના મંત્રીમંડળનું વિસ્તરણ થઈ ગયુ અને વિવિધ મંત્રીઓએ શપથ વિધિ પણ પતાવી લીધી.

આ બધી બાબતોને લઈને રાજકિય પક્ષો સ્તબ્ધ થઈ ગયા અને લાલુ પ્રસાદ અને તેજસ્વીએ ઘણા ધમપછાડા કર્યા પરંતુ તે કંઈ કરી શકયા નહીં હા, તેઓએ અદાલતના દરવાજા ખખડાવ્યા કે પોતે સીંગલ લાર્જેસ્ટ પાર્ટી હતી પરંતુ રાજયપાલે તેમને સરકાર રચવા આમંત્રણ ન આપ્યુ, અમને ન્યાય આપો. અદાલતે આ અરજી માન્ય રાખીને આગળ કાર્યવાહી કરવા કહયુ અને ત્યારબાદ અદાલતે તેની આ અરજી ખારીજ કરી દીધી છે.

આમ ભાજપની ઝોળીમાં બિહાર પણ આવી ગયુ હવે દેશની ૬૭ ટકા વસતી પર ભાજપનું રાજ છે. રાજકારણમાં દોસ્ત કયારે દુશ્મન અને દુશ્મન કયારે દોસ્ત થઈ જાય એનું કાંઈ નક્કી ન હોય તેનું આ ઉત્તમ ઉદાહરણ છે... ❖

# જગ કુખ્યાત ડ્રગ માફિયા પાબ્લો એસ્કોબાર



વિશ્વમાં આજે ચારે બાજુએ આતંકવાદે ભરડો લીધો છે. આતંકવાદીઓનો કોઈ ધર્મ કે સીમાડો હોતો નથી. તેઓનું માત્ર ને માત્ર વિશ્વમાં અરાજકતા અને અફડાતફડી મચાવી નિર્દોષ લોકોના લોહી વહાવવાનું કામ હોય છે. અત્યારે દુનિયામાં અલગ–અલગ દેશોમાં વિવિધ આતંકવાદી જૂથો સક્રિય બન્યા છે. આવા આતંકવાદીઓ અલગ–અલગ હોય છે પરંતુ તેઓનો મકસદ એક સરખો જ હોય છે. વિશ્વમાં આતંક ફેલાવવાનો.

દુનિયામાં અપરાધના ઘણા પ્રકારો છે. દરેક ગુનેગાર કે અપરાધી અપરાધના કયા રસ્તે જવું તે પોતપોતાની ઈચ્છા મુજબ આધાર રાખે છે. કોઈ લૂંટ–ચોરીના રસ્તે હોય, કોઈ હત્યાના રસ્તે હોય, કોઈ દાણચોરીમાં કુખ્યાત હોય, કોઈ અપહરણમાં માહિર હોય, કોઈ વ્હાઈટ કોલર અપરાધી બને, કોઈ આતંકવાદી બને. અત્યારે વિશ્વમાં આજના આ આધુનિક યુગમાં અપરાધીઓ પણ આધુનિક રીતે હાઈ ટેક્નોલોજીનો ઉપયોગ તેના ગુનેગારીના કામમાં કરે છે.

**ઈન્ટરનેશનલ ક્રાઈમ સ્ટોરી...**
- વિજય સાણથરા

દુનિયાને અત્યારે વધારેમાં વધારે ખતરો હોય તો તે છે આતંકવાદનો પરંતુ આજથી ત્રણ–ચાર દાયકા પહેલા નશીલા પદાર્થો બાબતના અપરાધનો ડંકો વાગતો. આ સમયમાં દુનિયામાં અનેક ખુંખાર અને ખતરનાક ડ્રગ માફિયાઓ થઈ ગયા. આ ડ્રગ માફિયાઓ દ્વારા જે તે દેશના અર્થતંત્રને સમાંતર અર્થવ્યવસ્થા ચલાવવામાં આવતી અને આખા દેશમાં તેઓ પોતાની ધાક જમાવતા. આજે આપણે એવા જ એક ખતરનાક ડ્રગ માફિયા કે જેને ત્યારના સમયમાં નંબર–૧ ડ્રગ માફિયાનું બિરૂદ આપવામાં આવ્યુ હતુ તે કોલંબિયન ડ્રગ માફિયા પાબ્લો એસ્કોબાર બાબતે વાત કરવાની છે.

આ જગ કુખ્યાત ડ્રગ માફિયા પાબ્લો એસ્કોબારનો જન્મ ૧ ડિસેમ્બર, ૧૯૪૯ ના રોજ રિયોનિગ્રો, કોલંબિયામાં થયો હતો. તેનું પુરૂ નામ પાબ્લો એમિલિયો એસ્કોબાર એવિરીયા હતુ. તેના પિતાનું નામ અબેલ ડે જિસસ ડારી એસ્કોબાર હતુ જે વ્યવસાયે ખેડૂત હતા. તેના સાત સંતાનોમાંથી પાબ્લો ત્રીજા નંબરનું સંતાન હતો. પાબ્લો નાનપણથી જ ગુનાહીત વિચારોથી ઘેરાયેલો રહેતો અને તેનું મગજ પણ ગુનાહીત પ્રવૃત્તિઓ કરવા હંમેશા તૈયાર રહેતુ. તેની સગીર વયમાં જ પાબ્લોએ ગુનાઓ આચરવાના ચાલુ કરી દીધા હતા. છોકરાઓની રમવાની ઉંમરે પાબ્લો કબરોના પથ્થરો ચોરીને સ્થાનીય ગુનેગારોને વેચવાનું ગેરકાયદેસરનું કૃત્ય કરતો. તેનો ભાઈ રોબર્ટો એસ્કોબાર તેને આવી ગુનાહીત

પ્રવૃત્તિ ન કરવા સમજાવતો પણ પાબ્લો તેની કોઈ વાત સાંભળતો નહી. એમ તો પાબ્લોએ યુનિવર્સીટીમાં થોડો સમય શિક્ષણ લીધુ પરંતુ વચ્ચેથી જ તેણે ડીગ્રી લીધા વગર જ શિક્ષણ છોડી દીધુ.

પાબ્લો હંમેશા ગુનાહીત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો રહેતો જેવી કે, પ્રતિબંધિત સીગારેટ વેચવી, નકલી લોટરીઓ વેચવી અને તક મળ્યે મોટરકારોની ચોરી પણ કરતો. ૧૯૭૦ ના દાયકાની શરૂઆતમાં ડ્રગના ધંધામાં આવતા પહેલા તે એક ચોર અને અપહરણકારીની છાપ ધરાવતો હતો. આ ધંધામાં તે ઘણા કોલંબિયન ડોલર કમાતો. બાદમાં પાબ્લોએ અલ્વરો પ્રિટો કે જે એક દાણચોર હતો તેની સાથે કામ કરવાનું શરૂ કર્યુ અને તેની આવકમાં ખૂબ જ વધારો થયો. તે માત્ર ૨૨ વર્ષની વયમાં જ એક મિલિયન ડોલર કમાયો હતો, જે તેનું બાળપણનું સ્વપ્ન હતુ. તે જયારે ૨૬ વર્ષનો થયો ત્યારે તેના નામે બેન્કમાં ૧૦૦ મિલિયન કોલંબિયન ડોલરની ડીપોઝીટ જમા હતી.

૧૯૭૫ ની શરૂઆતમાં પાબ્લોએ કોકેઈનનો ગેરકાયદેસરનો ધંધો શરૂ કર્યો. આને કારણે તે કોલંબીયા અને પનામા કે જે અમેરીકાનો દાણચોરીનો રૂટ ગણાતો તેની વચ્ચે વારંવાર વિમાન પ્રવાસ કરતો. બાદમાં તેણે પંદર મોટા વિમાનો અને છ હેલિકોપ્ટરો ખરીદ્યા હતા. તેના પુત્રના કહેવા મુજબ પાબ્લોના ખાસ મિત્રનું મૃત્યુ વિમાન ઉતરણ કરતી વખતે થયેલા અકસ્માતમાં થયુ હતુ અને તે વિમાન પણ તહસનહસ થઈ ગયુ હતુ. પાબ્લોએ આ વિમાનના છૂટ્ટા થઈ ગયેલા ભાગોને ફરીથી જોડયા હતા અને તેના આ મૃત્યુ




પામેલા ખાસ મિત્રની યાદ તાજી રાખવા તેણે આ જોડેલા વિમાનને તેના હસીએન્ડા નેપોલેસ ખાતે આવેલા ફાર્મહાઉસના દરવાજા પર ટાંગ્યુ હતું.

મે, ૧૯૭૬ માં ૧૮ કિલો ડ્રગની દાણચોરી કરતા પાબ્લો તથા તેના ઘણા સાથીદારોની ધરપકડ કરવામાં આવી હતી. આ બનાવ ત્યારે બન્યો જયારે પાબ્લો અને તેના સાથીઓ એકવાડોરથી મેડેલિન આ ડ્રગનો જથ્થો લાવતા હતા. શરૂઆતમાં પાબ્લોએ તેના વિરૂધ્ધ કેસ ચલાવતા મેડેલિન ન્યાયાધીશોને લાંચ આપવાની પેરવી કરી હતી. પરંતુ તે નિષ્ફળ રહયો હતો. અદાલતમાં ઘણાં મહિનાઓની કાયદાકીય દલીલો બાદ તેને દોષી જાહેર કરવામાં આવ્યો હતો. જો કે બાદમાં આ કેસ જ પડતો મુકાયો હતો. આ જ બતાવે છે કે પાબ્લોની ધાક કેવી હતી. પાબ્લો હંમેશા સરકારી અધિકારીઓને લાંચની ઓફર કરી છુટી જતો અને જે અધિકારીઓ ન માનતા તેની તે હત્યા કરાવી નાખતો. આના કારણે તેની ધાકમાં અને ધંધાની પકડમાં ખૂબ જ વધારો થયો હતો.

પાબ્લો જાણતો હતો કે ડ્રગના ધંધા માટેના સ્થાનીય રસ્તાઓ ઘણા ખતરનાક છે એટલે તેણે પોતાની રીતે પેરૂમાં ધંધો શરૂ કરવાનું વિચાર્યુ. પાબ્લોએ કોકેઈનની પેસ્ટ ખરીદવાનું શરૂ કર્યુ અને બાદમાં તેને મેડેલીનના એક બે માળની ઈમારતમાં રીફાઈન્ડ કરવાનું શરૂ કર્યુ. પાબ્લોએ તેની પહેલી ખેપમાં ૧૪ કિલો ડ્રગ પેસ્ટની ખરીદી કરી હતી. શરૂઆતમાં તે જૂના પ્લેનના ટાયરમાં છુપાવીને ડ્રગ પેસ્ટની દાણચોરી કરતો અને પ્લેનનો પાયલોટ રીટર્ન આવીને તેને ૫,૦૦,૦૦૦ યુ.એસ. ડોલર આપતો, પછી તો જેવડો ડ્રગનો જથ્થો એ મુજબ કાળી કમાણી કરતો.

સમય જતાં પાબ્લો અને સાથીઓ દ્વારા કોકેઈનનું ઉત્પાદન કરાતુ, પેકીગ કરાતુ અને તેને અમેરીકાની ડ્રગ બજારમાં વ્યવસ્થિત રીતે વેચવામાં આવતુ. થોડા સમયમાં જ યુ.એસ.માં કોકેઈનની માંગમાં જબરદસ્ત ઉછાળો આવ્યો. આને કારણે પાબ્લો વધુ સક્રિય થઈ ગયો અને તેણે તેના નેટવર્કને વધારીને સાઉથ ફ્લોરીડા, કેલિફોર્નીયા અને દેશના બીજા વિસ્તારોમાં ફેલાવ્યુ. પાબ્લો અને તેના ભાગીદારે ભેગા મળીને બહાનાના નોર્મન્સ સીટી નામના આઈલેન્ડમાં એક નવો જ ટ્રાન્સશીપમેન્ટ પોઈન્ટ શરૂ કર્યો. પાબ્લો અને રોબર્ટ વેસ્કોએ આ આઈલેન્ડની મોટાભાગની જમીનો ખરીદી લીધી જેમાં ૧ કિ.મી. વિમાન પટ્ટી, એક બંદરગાહ, હોટેલ, ઘરો, બોટો અને વિમાનોનો સમાવેશ થતો હતો. કોકેઈન સાચવવા માટે તેમણે રેફ્રીજરેટેડ ગોડાઉન બનાવ્યુ હતુ. આ ઉપરાંત પાબ્લોએ ઝૂ, તળાવ, સ્કલ્પચરલ ગાર્ડન વિગેરે ધરાવતો આલીશાન મહેલ પણ ખરીદ્યો હતો.

પાબ્લો આ ટ્રાન્સશીપમેન્ટ પોઈન્ટ દ્વારા મહિને કોલંબીયાથી યુ.એસ.માં લગભગ ૭૦ થી ૮૦ ટન કોકેઈન મોકલતો. ૧૯૮૦ ના દાયકામાં પાબ્લોનો ડ્રગનો ધંધો ખૂબ જ ઉંચાઈ પર હતો ત્યારે એક ફલાઈટમાં તે ૧૧ ટન કોકેઈન સપ્લાય કરતો. પાબ્લો દ્વારા એક વખત ૨૩ ટન કોકેઈન માછલીની પેસ્ટ સાથે બોટ દ્વારા સપ્લાય કર્યુ હતુ. ૧૯૮૨ માં પાબ્લો એસ્કોબાર 'અલ્ટરનેટ મેમ્બર ઓફ ધ ચેમ્બર ઓફ રીપ્રેઝન્ટેટીવ ઓફ કોલંબિયા' તરીકે ચૂંટાયો હતો.

ખૂબ જ ટૂંકા સમયમાં પાબ્લો એસ્કોબાર આંતરરાષ્ટ્રીય સ્તરે તેના મજબૂત ડ્રગ નેટવર્કના કારણે ડ્રગ માફિયા નં. ૧ બન્યો હતો. તેની ધાક યુરોપના ઘણા દેશોમાં ચાલતી. મેડેલીન કાર્ટેલ નેટવર્ક દ્વારા ડ્રગનો વિશાળ જથ્થો યુ.એસ. મેકિસકો, પ્યુએર્ટો શીકો, ધ ડેમોનિકન રિપબ્લિક, વેનેઝુએલા અને સ્પેનમાં ઘુસાડવામાં આવતો હતો. પાબ્લોએ





રોબર્ટો ગોમેઝ નામના એક બીજા કુખ્યાત દાણચોર સાથે ધંધામાં હાથ મિલાવીને તેનો આ ડ્રગનો ધંધો યુ.એસ.ના બીજા દેશો, યુરોપ અને સાથોસાથ એશિયામાં પણ ઘુસાડવાનું ચાલુ કર્યુ હતુ.

લા કેટેડ્રલ જેલમાંથી નાશી છૂટયાના ૧૬ મહિના બાદ ૨ ડિસેમ્બર, ૧૯૯૩ ના રોજ ગોળીબારથી તેનું મૃત્યુ થયુ હતુ.

જો કે એ કયારેય સાબિત નથી થયુ કે તેને કોણે ગોળી મારી. કોલંબિયન નેશનલ પોલિસના કહેવા મુજબ પાબ્લો અને તેનો બોડીગાર્ડ અકવેરો ડી જિસસ મેડેલીનના એક બિલ્ડીંગમાં છુપાયા હોવાની માહિતી મળતા પોલીસ ત્યાં તેઓની ધરપકડ કરવા પહોંચી ત્યાં પાબ્લો અને તેના બોડીગાર્ડ છાપરા પરથી નાસવા જતા હતા ત્યારે તેને પોલીસ દ્વારા ગોળીથી ઉડાવી દેવામાં આવ્યા હતા. પાબ્લોને પગમાં, ગળાના નીચેના ભાગમાં અને કાનમાં ગોળી લાગવાથી તેનું મૃત્યુ થયુ.

બીજી બાજુ પાબ્લોના સગા સંબંધીઓ અને તેના બંને ભાઈઓનું માનવુ છે કે તેને કાનમાં ગોળી લાગવાથી તેનું મૃત્યુ થયુ છે અને એ સાબિત નતી થતું કે કોઈએ એને ગોળી મારી છે કે તેણે પોતે જ ગનથી આત્મહત્યા કરી છે. ત્યારે ચર્ચાઓ પણ એવી જ થતી હતી કે પાબ્લોએ પોતાને ગોળી મારી આત્મહત્યા કરી છે.

પાબ્લોના મૃત્યુનું રહસ્ય એક રહસ્ય જ રહયુ છે પરંતુ એની સાથે જ જગતના એક કુખ્યાત, ખુંખાર અને માલેતુજાર ડ્રગ માફિયાના જીવન પર પડદો પડી ગયો હતો. આંતરરાષ્ટ્રીય ડ્રગ માર્કેટના કુખ્યાત અને વગદાર માફિયાના એક પ્રકરણનો અંત લખાઈ ગયો હતો... ❖

# ડ્રેગનનાં વારંવારનાં ફુંફાડા શું સૂચવે છે ?



## ડ્રેગનની દાદાગીરી...

- વિજય સાણથરા

અગાઉનાં જમાનામાં જયારે રાજા–રજવાડાઓ હતા ત્યારે વધારે બાહુબલ ધરાવતા શાસકો બીજા નબળા રજવાડાઓ પર આક્રમણ કરીને પોતાની તાકાત બતાવતા હતા અને આવા પરાજીત કરેલા રાજાઓ પાસેથી ખંડણી વસૂલ કરતા. જે દેશનો રાજા બલવાન તે દેશ–પ્રદેશની પ્રજા સલામતીનો અહેસાસ કરતી. કારણકે તેને ખબર હોય છે કે આપણો શાસક એટલે કે રાજા બધી રીતે બળવાન હોવાથી તેનાં શાસનમાં આપણને કાંઈ વાંધો નહી આવે અને આપણે તથા આપણા પરિવારજનો સલામત રહી શકીશું.

આ તો અગાઉના વિતેલા વર્ષની વાત થઈ. અત્યારે દુનિયામાં જરૂરીયાત વગરનાં માત્ર બાહુબલ બતાવવા માટે યુધ્ધો થતા નથી અને અત્યારે વિશ્વના દરેક દેશો પોત–પોતાના દેશોનાં વિકાસમાં લાગી ગયા છે. તેઓ જાણે છે કે યુધ્ધો તેઓને દાયકાઓ પાછળ લઈ જશે અને અર્થતંત્રને બેહાલ બનાવી દેશે આથી અનિવાર્ય હોય તો જ દુનિયાના દેશો યુધ્ધનાં વિકલ્પને પસંદ કરે છે નહિ તો જયાં સુધી શાંતિ અને વાર્તાલાપથી પ્રશ્નનો ઉકેલ આવતો હોય તો ત્યાંથી પતાવે છે.

આમ છતાં પણ કેટલાક દેશો એવા અવળચંડા છે કે તેને પોતાની તાકાત અને સરહદો વધારવાની બહુ જ લાલસા હોય છે. આપણને તો પાછા ચારેય દિશામાં સરહદના પાડોશીઓ પણ આવા અવળચંડા જ મળ્યા છે એમાંય પાકિસ્તાન તો દરેક દ્રષ્ટિએ આપણાથી ઉતરતુ છે તો પણ સરહદ પર છમકલાઓ કર્યા કરે છે અને આપણને ઉશ્કેરવાના પ્રયાસો કર્યા રાખે છે. આની પાછળ મુખ્ય કારણ એ છે કે પાકિસ્તાન આપણું કટ્ટર દુશ્મન છે અને પોતે આપણાથી દરેક સ્તરે નબળુ છે પરંતુ ચીનનો સાથ મળતા તે ખીલાનાં જોરે વાછરડો કુદકા મારે એમ કુદકા માર્યા કરે છે.

આપણી પાસે અત્યારે લશ્કરી દ્રષ્ટિએ જોઈએ તો આધુનિક હથિયારો અને શસ્ત્રો છે જ પરંતુ ચીન જેવી તાકાત આપણે ધરાવતા નથી. જો કે આપણા વીર જવાનો ની વીરતા બાબતે આપણને જરા પણ શંકા નથી કે નથી અંદેશો. આપણા જવાનો 'એકે હજાર' બરાબર છે. આમ છતા પણ ચીન લશ્કરી બાબતોમાં આપણા કરતા ચડિયાતુ છે તે વાત આપણે સ્વીકારવી રહી.

આપણે પાકિસ્તાન સાથે દરેક બાબતે તેને પછડાટ આપવા માટે સક્ષમ છીએ. સરહદ પર પાકિસ્તાન દ્વારા વારંવાર યુધ્ધવિરામ સંધિને તાડીને ગોળીબાર કરવામાં આવે છે અને આપણે પણ તેને સર્જીકલ સ્ટ્રાઈક જેવા પગલા લઈને ઈટનો જવાબ પથ્થરથી આપીએ છીએ. પરંતુ આ બાબતે આપણે ચીનને કશુ કરી શકતા નથી. ત્યારે આપણા દેશનાં નાગરીકોને પણ લાગતુ હશે કે જે પથ્થરથી ચીનને જવાબ આપવાનો હતો તે કયાંક મુકાય ગયો લાગે છે ! ચીન સામે આપણી સરકારની કારી કારગત નીવડતી નથી. ચીનને રાજી રાખવા માટે મોદીએ ચીની પ્રમુખને અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે લાલ જાજમ બિછાવી અને ભવ્ય સ્વાગત કર્યુ અને દોસ્તીનો આરંભ કર્યો પરંતુ એ પછીનાં ત્રણ વર્ષોમાં ચીન સાથે આપણા સંબંધો વધુ ને વધુ વણસી રહયા છે. તાજેતરના સમયમાં કૈલાસ માનસરોવર યાત્રા રોકીને સિક્કિમ સરહદે ઘુસણખોરી કરીને ચીને તેમાં વધુ એકનો ઉમેરો કર્યો છે.

નાથુ–લા જેવી વેરાન જગ્યાએ અટવાયેલા યાત્રાળુઓને છેવટે સિક્કિમ

પરત લઈ જવાયા, બાદમાં જયારે રસ્તો ખોલવાની અને યાત્રાળુઓને આગળ જવા દેવાની વાટાઘાટો ચાલુ હતી તે દરમિયાન નફ્ફટ ચીની સૈન્યે સરહદ પર ઘુસણખોરી કરીને ભારતીય સેનાના બંકર પણ તોડી પાડયા. આટલેથી ન અટકતા ચીન હવે ચોરી પર શીનાજોરી કરી રહયુ છે. ચીન એવો દાવો કરી રહયુ છે કે પોતાના સરહદી વિસ્તારોમાં સડક નિર્માણ કાર્યમાં ભારત ભુટાનને રોડા નાખવા ઉશ્કેરે છે. આથી તેનો કડક વિરોધ કરવા ચીને કૈલાસ માનસરોવર યાત્રા રોકી દીધી હતી.

ચીનની દાદાગીરી કહો તો દાદાગીરી અને નફ્ટાઈ કહો તો નફટાઈ તેણે ભારતીય સેનાને એટલે કે આપણને ઈતિહાસમાંથી સબક લેવાનો ટોણો પણ મારી દીધો. સ્વાભાવિક રીતે જ ચીનનો ઈશારો ૧૯૬૨નાં યુધ્ધ તરફ છે. જેમાં ભારતની કારમી હાર થઈ હતી. જોકે હવે ચીન એ વાત પણ બરાબર સમજે છે કે ૨૦૧૭ એ ૧૯૬૨ નથી. ચીન ૧૯૬૨નાં આરંભે ઘુસણખોરી અને સૈન્ય આક્રમણ કરી શકયુ એવી સ્થિતિ અત્યારે સરળ નથી. આમ છતાં પણ આપણે ચીનની આવી અવળચંડાઈનો જવાબ તો દેવો જ જોઈએ, જે માત્ર માતબર પ્રચારતંત્ર વડે બુંગિયા ફુંકવાથી આપી શકાય તેમ નથી.

કૈલાસ અને માનસરોવરની યાત્રા દરમિયાન ચીની કબજા હેઠળનાં વિસ્તારમાંથી પસાર થવુ પડે છે. આ યાત્રા સિક્કિમ અને નેપાળ એવા રસ્તે ઉપરાંત ઉતરાખંડના રસ્તે પણ થઈ શકે છે પરંતુ એ રસ્તો ઘણો જ લાંબો છે.

ચીન અને ભારતની વચ્ચે વિખવાદના મુદ્દાઓ તો અનેક છે. પરંતુ આ વખતે જે મુદ્દો નિમિત બન્યો છે એ સિક્કિમ સરહદને અડીને ચીન દ્વારા હાઈ–વે બનાવવા સંબંધિત છે. ભારતનો એવો દાવો છે કે આ હાઈ–વે કેટલાક એવા વિસ્તારમાંથી પસાર થાય છે જે ભારતીય સીમામાં આવે છે. આથી ચીને અહીં જયારે રસ્તો બાંધવાની પેરવી કરી ત્યારે ભારતીય લશ્કરે તેમાં અડચણ ઉભી કરીને રસ્તો બાંધવા ન દીધો. સિક્કિમ સરહદના આ ડોકલામ વિસ્તાર ભારતના કબજામાં છે, તો પણ ચીન એ પોતાનો જ વિસ્તાર હોવાનો દાવો કરી રહયુ છે અને ભારતીય સૈન્યે કરેલી રૂકાવટને ભારતની દાદાગીરી ગણાવીને ઉલ્ટુ ચોર કોતવાલને ડાંટે એવી લુચ્ચાઈ અને નફટાઈ કરી રહયુ છે.

ભારત અને ચીન વચ્ચે સરહદી વિવાદ ખુબ જુનો અને એટલો જ પેચીદો છે. બંને દેશો વચ્ચે ૩,૪૮૮ કિ.મી. લાંબી સરહદ છે, જે ઉત્તરે જમ્મુ–કાશ્મીરથી શરૂ થઈને પૂર્વમાં છેક અરૂણાચલ પ્રદેશ સુધી લંબાયેલી છે. મોટાભાગે હિમાલયની વિકરાળ પર્વતમાળામાંથી પસાર થતી અથવા તો તેને અછડતી સરહદમાં લેહ–લદાખથી લઈને તવાંગ સુધી ચીને વિવાદી ક્ષેત્રો ઉભા કરી દીધા છે.

૧૯૫૦ માં ચીને તિબેટ હડપ કરીને ભારત અને ચીન વચ્ચેની નૈસર્ગિક દિવાલ તોડી પાડી ત્યારે આપણે તિબેટનું રક્ષણ કરવામાં તો નિષ્ફળ ગયા જ, ચીનના એ લશ્કરી પગલાને વિશ્વ સમક્ષ સાચી રીતે મુકવામાં પણ આપણે મુત્સદીગીરીના નામે મૂંછ મૂંડાવી નાંખી છે. એ વખતે આપણે હિન્દી–ચીની ભાઈ ભાઈના સૂત્રો પોકારતા હતા. હવે એ જ રીતથી ચીન પાંચ દશકા પછી અરૂણાચલપ્રદેશ, લદાખ અને હવે સિક્કિમનાં મુદ્દે અપનાવી રહયુ છે. ત્યારે આપણે ચીન અને ભારતના વ્યાપારીક સંબંધોની નવી સર્જેલી ભ્રમણામાં રાચીએ છીએ.

ચીન સાથેના વ્યાપારીક સંબંધો મજબુત કરવાના આશયથી ભારતે છૂટ છાટ મૂકી એ પછી છેલ્લા એક દાયકાથી ભારત અને ચીન વચ્ચેનો આર્થિક વ્યવહાર અનેક ગણો વધી ગયો છે. જોકે ભારતીય ઉદ્યોગને જેટલો ફાયદો છે તેના કરતા ચીની ઉત્પાદકોને હજાર ગણો વધારે ફાયદો છે. ત્યારે સવાલ એ પેદા થાય છે કે દર વખતે સમાધાન કરવાની સ્થિતિમાં આપણે જ કેમ હોઈએ છીએ?

આજથી ૪૦ વર્ષ પહેલા અમેરિકા અને રશિયા વચ્ચે જે શીત યુધ્ધ ચાલતુ હતુ એ હવે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહયુ છે. બંને દેશો સામ–સામે શિંગડા ભરાવા તૈયાર થઈ ગયા છે. બંને દેશો એક બીજાનાં દેશમાં ઉત્પન્ન થતી ચીજોના વપરાશનો વિરોધ અનેકવાર કરી ચૂકયા છે.

ચીન સુપરપાવર થવાનાં માર્ગે છે અને અમેરિકા કોઈપણ ભોગે જગતજમાદારની હાક અને ધાક બરકરાર રાખવા માંગે છે. એટલે આ બે દેશો વચ્ચે સંઘર્ષ થવો સ્વાભાવિક છે. હવે જો ભારતે સુપરપાવર બનવુ હશે તો આવા બાયલાવેડા નહીં ચાલે. માત્ર 'મેરા ભારત મહાન' બોલીને બેસી રહેવાથી કાંઈ નહીં વળે આપણે આપણી જાતે જ મહાનતાનુ પ્રમાણપત્ર મેળવવા કરતા બેહતર છે કે કોઈ નતમસ્તકે આમન્યાથી ઝુકેલી આંખે આપણી મહાનતાને સ્વિકારે.

પરંતુ ત્યાં સુધી હથિયાર હેઠા મૂકવા કરતા ઝઝુમતા રહેવુ જરૂરી છે. દેશનું સાર્વભૌમત્વ ટકાવવા અને દેશાભિમાન માટે પણ દુશ્મન દેશોને ચમત્કાર બતાવવો જરૂરી છે. આપણે અહિંસામાં માનીએ છીએ અને સામેના દેશો તેને આપણી કાયરતા સમજે છે તેની આ માન્યતાને પણ તેના મગજમાંથી કાઢવા માટે આપણે જરૂર પડયે શસ્ત્રો ઉપાડીને તેને સમજાવી દેવુ જરૂરી છે કે અમે અમારા દેશની સલામતીને કયારેય અવગણી ન શકીયે. જયહિન્દ... ❖

# પ્રદુષણ : એક વૈશ્વિક સમસ્યા







આજે વિશ્વનાં દરેક દેશો વિકાસની હરણફાળ ભરી રહયા છે. આ માટે દરેક દેશ પોતપોતાના દેશમાં કૃષિક્ષેત્રે, સામાજીકક્ષેત્રે, આર્થિકક્ષેત્રે, સંરક્ષણક્ષેત્રે અને ઔદ્યોગિકક્ષેત્રે વિકાસ કરી રહયા છે. જેટ ગતિએ વિકાસ પામતા વિશ્વમાં તેની આડઅસર પણ વધી રહી છે. નાશ પામતા જંગલો, વસ્તી વધારો, આડેધડ ઉભા થતા સીમેન્ટ કોક્રીટનાં જંગલો અને જંગી ઔદ્યોગિક વસાહતોએ આજે વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ જેવી રાક્ષસી સમસ્યા પેદા કરી છે. વિશ્વનાં વાતાવરણમાં ઉત્તરોત્તર ગંભીર ફેરફારો જોવા મળી રહયા છે. આજે વિશ્વનો દરેક દેશ પ્રદુષણની ગંભીર સમસ્યાથી પિડાઈ રહયો છે અને તેને નાથવાના ભગીરથ પ્રયત્નો પણ કરી રહયો છે. પરંતુ પ્રદુષણની વ્યાપકતા જોતા તેના પર અંકુશ મેળવવાનું મુશ્કેલ છે ત્યારે આજે આપણે આ પ્રદુષણ બાબતે જરા વિગતે જોઈએ.

પ્રદુષણ એ હવામાં ફેલાતુ એવુ રજકણ છે જેનાથી વાતાવરણમાં અસ્થિરતા, મંદવાડ કે અવ્યવસ્થા થાય છે જે ઈકો સિસ્ટમમાં ફેલાય છે.

**વૈશ્વિક સમસ્યા...**
**- હિતેષ પટેલ, ગાંધીનગર**

વાતાવરણમાં અલગ અલગ રીતે કચરો સામગ્રી છે તે આપણા ઈકોસિસ્ટમ અને પર્યાવરણનાં સંતુલનનો ભંગ કરે છે. ગ્લોબલ વોર્મિંગ અને માનવ માંદગી માટે પાયો નાખે છે. એમ કહી શકાય કે હવા, પાણી, પ્રકાશ અને અવાજ એટલે કે ધ્વની પ્રદુષણ. આ બધાજ પ્રદુષણની માનવજીવન ઉપર ગંભીરથી અતિ ગંભીર અસર થાય છે.

**હવાનું પ્રદુષણ :-**

હવામાંથી ફેલાતુ પ્રદુષણ સૌથી ખતરનાક છે. હવામાં પ્રદુષણ થવા પાછળનાં કારણો છે, ધુમાડો. ફેકટરીનાં ધુમાડા, કોલસાનું બળતણ, જે હવામાં સલ્ફર ડાયોકસાઈડ અને જોખમી ગેસ છોડે છે. જે ગ્લોબલ વોર્મિંગને નોતરે છે. હવામાં દરેક પ્રકારના પ્રદુષણ ફેલાતા ફેફસામાં ઈન્ફેકશન, અસ્થમા, કેન્સર જેવા રોગોમાં વધારો થાય છે. છેલ્લા થોડા સમયમાં ફેફસાનાં રોગોમાં ૭ થી ૮ ટકાનો વધારો નોંધાયો છે.

સામાન્ય રીતે આપણે એમ માનીએ છીએ કે, આપણે ઘરની બહાર નીકળીએ તો જ પ્રદુષણની સમસ્યા નડશે ! એવુ નથી પરંતુ ઘરગથ્થુ હવા પ્રદુષણ પણ આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. ચુલાના કારણે, કોલસાના કારણે પણ પ્રદુષણ ફેલાય છે.

હવાને શુધ્ધ કરવામાં વૃક્ષો મહત્વનો ભાગ ભજવે છે. આપણે આના માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ અને વાવીને ભુલી ના જાતા તેનો યોગ્ય રીતે ઉછેર પણ કરવો જોઈએ જો આવુ મોટા પાયે કરવામાં આવશે તો હવાનાં પ્રદુષણને ચોક્કસપણે અંકુશમાં લાવી શકાશે.

**પાણીનું પ્રદુષણ :-**

કુદરતે અનેક સર્જનો કર્યા છે.

જેમાં પાણી એ એક પર્યાવરણના ઘટકોમાં મહત્વનું અંગ છે. જળ એ જ જીવન છે. જળનું મહત્વ એક તરસ્યાથી વધારે કોઈ ના સમજી શકે ! જીવનમાં જળનાં ઉપયોગનાં અનેક પ્રકાર છે. જ્યારે પાણીની પ્રાપ્તિનો મૂળ સ્ત્રોત પૃથ્વી પર થતો વરસાદ છે. ક્યારેક એવુ વર્ષ પણ આવે છે કે વરસાદ ઓછો અથવા તો નહીવત થાય છે ત્યારે આવા નબળા સમયમાં આપણે પાણીનો બગાડ અટકાવીને સાચવીને ઉપયોગ કરીએ તો આવો નબળો સમય પણ આરામથી નીકળી જાય. આજે અનેક લોકો પાણીનો દુરઉપયોગ કરે છે અને નાહકનો વેડફાટ કરીને અમૂલ્ય એવી જળસંપતિનો નાશ કરે છે. આજે પાણીમાં પણ પ્રદુષણ જોવા મળે છે. આજે જળને અનેક રીતે પ્રદુષિત કરવામાં આવે છે. દેશમાં ઉપસ્થિત ભુગર્ભ જળમાંથી ૩૩ ટકા માનવી માટે પીવાલાયક નથી ! ગુજરાત સહિત અનેક રાજયોમાં જળમાં ક્ષારનુ પ્રમાણ વધી રહયુ છે.

અત્યારે ઔદ્યોગિક એકમો દ્વારા છોડવામાં આવતા પ્રદુષિત પાણીમાં એસિડ, ઝેરી રસાયણો, ચામડા ઉદ્યોગ દ્વારા ઉત્પન્ન થતા કાર્બનિક સંયોજન સાથેના પ્રદુષિત તત્વો ભળવાથી પાણીને અશુધ્ધ બનાવે છે. ખનીજ તેલ, રીફાઈનરી ઉદ્યોગ દ્વારા પ્રદુષિત પાણી જળાશયો તેમજ નદીઓ કે સમુદ્રમાં ઠલવાય છે. ગુજરાતની ૨૦ નદીઓમાં પ્રદુષણ ફેલાયુ છે એવુ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં રીપોર્ટમાં જણાવાયુ છે. આ રીપાર્ટમાં એ પણ જણાવાયુ છે કે ગુજરાતની નર્મદા, મહિસાગર, તાપી ને બાદ કરતા બાકીની મોટાભાગની નદીઓ સૂકી ભઠ્ઠ જોવા મળે છે. આ નદીઓમાં પ્રદુષણની માત્રા વધુ છે. નદીઓમાં કચરો ઠાલવવો, મૂર્તિઓનું વિસર્જન કરવા જેવી પ્રવૃતિઓથી પણ જળપ્રદુષણમાં ખૂબ જ વધારો થાય છે.

**ધ્વનિ પ્રદુષણ :-**

ધ્વનિનું માન્ય ધોરણ દિવસમાં ૫૦ ડેસીબલ અને રાત્રે ૪૫ ડેસીબલ હોવુ જાઈએ. ઘણાને કાનોમાં ગીતો સાંભળવા કે ગાડીમાં મોટા અવાજે ગીતો સાંભળતા વાહન ચલાવવાની ટેવ હોય છે જે આ માન્ય ધોરણને તોડે છે ઘણા લોકો મોટેથી હોર્ન વગાડવાની ટેવ ધરાવતા હોય છે અને વારંવાર વિના કારણ હોર્ન વગાડવાની પણ ટેવ ધરાવતા હોય છે જેનાથી ધ્વનિ પ્રદુષણ ફેલાય છે. મશીનો, ઘોંઘાટીયુ વાતાવરણ વિગેરે કારણોસર પણ ધ્વની પ્રદુષણ ફેલાય છે.

વાહનચાલકો જાણે કોઈ હરીફાઈમાં ઉતર્યા હોય તેમ ઘોંઘાટવાળા હોર્નનો મારો ચલાવે છે. વધુ ડેસીબલ કર્કશવાળા હોર્ન માણસને હચમચાવી નાંખે છે. ધ્વની પ્રદુષણથી અસંખ્ય લોકોને અનિંદ્રા, ચિડિયાપણું, હાઈપરટેન્શન જેવા રોગોનો ભોગ બનવું પડયું છે. આમ જોઈએ તો એમ પણ કહી શકાય કે આવી પ્રવૃતિઓ દ્વારા માણસ જ માણસનો દુશ્મન બની ગયો છે !


**પ્રકાશ પ્રદુષણ :-**

પ્રકાશ દ્વારા ફેલાતુ પ્રદુષણ માનવીને લાંબાગાળે હાની પહોંચાડે છે. રાત્રે વધુ પડતી લાઈટ એ વાયુ પ્રદુષણમાં વધારો કરે છે. રાત્રી દરમિયાન કુદરતી પ્રક્રિયાથી હવા સ્વચ્છ થતી હોય છે પરંતુ લાઈટનો પ્રકાશ તેમાં અવરોધ પેદા કરે છે. રાત્રી દરમિયાન વપરાતી હેલોઝન જેવી લાઈટથી રાસાયણીક પ્રક્રિયા થાય છે જેના પગલે રાત્રે ચોખ્ખી હવામાં અવરોધ આવે છે. રાત્રે વાહનોમાંથી તેમજ માનવ સર્જીત સાધનોમાંથી નીકળતા રસાયણોના કણો હવામાં ભળે છે અને આ પ્રક્રિયા મોટા ભાગે રાત્રીના જ થતી હોય છે. લાઈટો સૂર્યના પ્રકાશ કરતા એક હજાર ગણુ ઓછું તેજ ધરાવે છે તેથી રાત્રી દરમિયાન લાઈટોને લીધે હવાને ચોખ્ખી કરવાનું કાર્ય મંદ પડી જાય છે. પ્રકાશના કિરણો આકાશ તરફ જવાને બદલે પૃથ્વી ઉપર ફેલાય જાય છે. આકાશમાં ભળતા પ્રકાશની માત્રામાં ઘટાડો કરી શકાય ! આમ કરવાથી પ્રદુષણ પર પડતી અસરમાં ઘટાડો કરી શકાય.

આવા દરેક પ્રદુષણને આપણે ઘટાડવા માટે યોગ્ય ઉપાયો કરવા જોઈએ જેવા કે, વધુ ને વધુ વૃક્ષો વાવવા, પ્લાસ્ટીકની બેગ ન વાપરવી, જાહેર રસ્તાઓ પર ગંદકી ન કરવી, કાનના પડદા ફાટી જાય એવા હોર્ન ન વગાડવા, ઔદ્યોગિક ઉદ્યોગગૃહોએ પોતાના ગંદા પાણીને નદી, જળાશયો કે સમુદ્રમાં ન વહાવવા, તેના કોઈ અલગ નિકાલની વ્યવસ્થા કરવી જોઈએ. આપણે રાત્રે જરૂર કરતા વધારે પ્રકાશ ફેલાવતી લાઈટોનો ઉપયોગ ટાળવો જોઈએ અથવા નહીવત કરવો જોઈએ.

આખરે આપણે પણ આપણા દેશ અને વિશ્વનાં એક જવાબદાર નાગરીક છે અને આપણી એ ફરજ અને જવાબદારી બને છે કે આપણે દેશ અને વિશ્વને સ્વસ્થ રાખવું જોઈએ જેથી આવનારી ભાવી પેઢી "તાજો શ્વાસ" લઈ શકે અને સ્વસ્થ જીવન જીવી શકે... ❖

# ભારતીય સૈન્યના શસ્ત્ર સોદાઓ માટે "વચેટિયાઓ" સક્રિય...!




વિશ્વમાં લગભગ દેશોમાં ભ્રષ્ટાચારનો ભોરીંગ ભરડો લઈ ગયો છે. આવા ભ્રષ્ટાચારીઓ પોત–પોતાના દેશના અર્થતંત્રને ઉધઈની જેમ અંદરને અંદરથી ખોત્રીને ખોખલું બનાવે છે અને તે પણ પોતાના અંગત સ્વાર્થ અને આર્થિક લાભ માટે પોતાના દેશને ગંભીર નુકશાન પહોંચાડતા પણ અચકાતા નથી.

અત્યારે આપણા દેશમાં પણ દરેક ડિપાર્ટમેન્ટમાં ભ્રષ્ટાચાર ફેલાઈ ગયેલો છે. શિક્ષણક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે, બેન્કીગ ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે વગેરે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર ભરડો લઈ ગયો છે. અરે દેશની સલામતી માટે કાર્યરત એવા આવા લશ્કરી ક્ષેત્રે પણ તે ઘુસી ગયો છે જે ખરેખર દેશ માટે દુર્ભાગ્યરૂપ છે, કારણ કે દેશની સલામતી જ જો 'અસલામત' હોય તો દેશના નાગરીકો કોના પર ભરોસો રાખે?

**આપણા સરહદ સીમાડા પર પોતાની જાનની પરવાહ કર્યા વગર દેશની સુરક્ષા માટે, દેશના નાગરીકો સલામતીનો શ્વાસ લઈ શકે તેના માટે આપણા દેશના વીર જવાનો દિવસ–રાત ખડે પગે ચોકી – પહેરો કરી રહયા છે. ત્યારે તેને દેશની સલામતી માટે આપવામાં આવતા શસ્ત્રોની ખરીદીમાં પણ ભ્રષ્ટાચાર ખૂબ જ પ્રસરી ગયો છે જેને નાથવામાં નહી આવે તો આપણા દુશ્મન દેશો સાથે યુધ્ધમાં કઈ રીતે લડી શકાશે ? દેશના નાગરીકોની સલામતીનું શું ? આવા અનેક ગંભીર પ્રશ્નો સામે આવે છે અને આવતા રહેશે.**

## રક્ષાક્ષેત્રે ભ્રષ્ટાચાર

- સતિષ સોલંકી

છેલ્લા લગભગ ત્રણ વર્ષમાં **પાટનગર દિલ્હીમાં એવી અનેક બેનંબરી કંપનીઓ અસ્તિત્વમાં આવી છે કે જે ભારતીય સૈન્ય માટેના શસ્ત્ર સોદાઓમાં કોઈ ને કોઈ રીતે સંકળાવાનો પ્રયત્ન કરે છે. આ કંપનીઓના વડા મથકો યોજનાબધ્ધ રીતે સિંગાપુર, વોશિંગ્ટન કે પેરીસ જેવા દુનિયાના જુદાજુદા શહેરો અને પ્રદેશોમાં રાખવામાં આવ્યા છે. ભારતના સંરક્ષણ પ્રધાન મનોહર પરિકરે સારી કામગીરી કરી હોવા છતાં તેમને હતા ત્યાં ને ત્યાં પાછા જવાનો વારો આવ્યો એ ઘટનાક્રમના મૂળમાં પણ આ કંપનીઓમાં થઈ રહેલી ચહલપહલ પણ કારણભૂત હશે એમ હજુપણ પાટનગરના વર્તુળો માને છે. સામાન્ય રીતે આ કંપનીઓ સંબંધિત વ્યકિતને પોતાના શેર હોલ્ડર** બનાવી દે છે અને પછી શેરના વેંચાણના બદલામાં તેમના હાથમાં શસ્ત્ર સોદાઓના કમિશનની રકમ આવી જાય છે. રૂપિયા ૩૬૦૦ કરોડના ઓગષ્ટા વીવીઆઈપી હેલિકોપ્ટર સોદામાં પણ એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટે આજ પ્રમાણે કમિશન ઝડપીને ફરિયાદ દાખલ કરી છે. તે ફરિયાદમાં એક બ્રિટિશ નાગરિક અને વચેટિયા ક્રિશ્ચિયન મિશેલ જેમ્સ તથા તેના કેટલાક ભારતીય સાથીદારોની તપાસ ચાલી રહી છે.

આ પ્રકરણમાં જ પૂર્વ વાયુસેના પ્રમુખ ત્યાગી સહિત અનેક લોકોની ધરપકડ થઈ ચૂકી છે. મોદી સરકારે આ જ પ્રકરણમાં હજુ કેટલાક પત્તા ખોલ્યા નથી. તે ૨૦૧૯ ની સંસદની ચૂંટણીઓને સમયે ખુલશે જેમાં હજુ પણ કોંગ્રેસના કેટલાક દિગ્ગજ નેતાઓના નામો સંકડાયેલા છે. હાલની સરકારે નેતાઓનો પર્દાફાશ કરવાના મૂહુર્તની પ્રતિક્ષામાં આ પ્રકરણને વેગ ન આપતાં ઠંડુ પાડી રહી છે કારણ કે તેને ખબર છે કે અત્યાર કરતા ચૂંટણીના **સમયમાં પર્દાફાશના 'ધમાકા'નો અવાજ વધુ આવશે અને તેના માટે વધુ અસરકારક સાબિત થશે.** ઓગસ્ટા વેસ્ટલેન્ડ એક **એન્ગ્લો ઈટાલિયન કંપની છે. ખરેખર તો ઓગસ્ટા અને વેસ્ટલેન્ડ બે અલગ**

કંપનીઓ હતી જે ઈ.સ. ૧૯૯૯ માં મર્જ થઈ ગઈ હતી. હેલિકોપ્ટરની નવી શ્રેણીઓની ડિઝાઈન અને ટેકનોલોજીમાં આ કંપનીની માસ્ટરી ગણાય છે. સમુદ્ર પર ઉડતા અને વિમાનવાહક જહાજો માટેના હેલિકોપ્ટરોમાં પણ તે નિષ્ણાંત છે. આ કંપનીએ રશિયામાં જ મેઈક ઈન રશિયા પધ્ધતિથી ૨૦૧૦ થી હેલિકોપ્ટરોનું ઉત્પાદન શરૂ કરેલું છે. દુનિયાના ચાર–પાંચ નાના હેલિકોપ્ટર ઉત્પાદકોને ઓગસ્ટા વેસ્ટલેન્ડ મગરમચ્છની જેમ ગળી ગયેલી છે. અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ માટેના મરીન–૧ નામના હેલિકોપ્ટરના નિર્માણથી આ કંપનીને દુનિયાભરની પ્રતિષ્ઠા મળેલી છે. માનવ રહિત હેલિકોપ્ટરોની સફળતાપૂર્વકની ઉડાન માટેના તેના અખતરા કે જે અત્યારે પ્રોજેકટ ઝીરો તરીકે ઓળખાય છે તેના પર દુનિયાના અનેક સંરક્ષણ મંત્રાલયોની નજર મંડાયેલી છે.

ઓગસ્ટા વેસ્ટલેન્ડની સૌથી નવાઈની વાત એ છે કે કમિશનો ચૂકવાઈ ગયા અને તેની હેરાફેરી થઈ ગઈ. કુલ રકમની ઢગલીઓ પણ બની ગઈ અને જે તે જગ્યાએ પહોંચી ગઈ પછી ભારત સરકારે આ ઓર્ડર રદ કરેલો છે અને અંદાજે રૂા. ૧૮૧૮ કરોડ જેવી જે રકમ પ્રાથમિક રીતે ઓગસ્ટા વેસ્ટલેન્ડને ચૂકવેલી તે રકમ પાછી પણ લઈ લીધી છે.

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને તત્કાલીન સંરક્ષણ પ્રધાન એ.કે. એન્થોની પણ ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં ખૂબ જ ઉંડા ઉતરેલા પરંતુ તેમના હાથમાં કાંઈ આવ્યુ નહોતુ. ખબર નહીં પણ કેમ આ પ્રકરણમાં આગળ વધેલી એન.ડી.એ. સરકારે 'રહસ્યમય' રીતે રોક લગાવી દીધી.

ઓગસ્ટા પ્રકરણમાં મિશેલને ઓગસ્ટા વેસ્ટલેન્ડ કંપની તરફથી ત્રણ કરોડ યુરો ડોલર એટલે કે રૂા. ૨૨૫ કરોડ મળેલા છે. આ રકમ તેને ભારતે ખરીદવા ધારેલા બાર હેલિકોપ્ટરોના કમિશન પેટે આપવામાં આવ્યા છે. આ રકમને મિશેલે પોતાની દુબઈમાં આવેલી કંપની ગ્લોબલ સર્વિસીસ દ્વારા એક ભારતીય મીડિયા કન્સલ્ટન્સી એરોમેટ્રિકસને આપ્યા હતા અને એ પૈસાને યોગ્ય ટુકડાઓમાં જયાં જયાં પહોંચાડવાના હતા ત્યાં પહોંચાડયા છે. મહત્વની વાત એ છે કે એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટને આ તમામ રૂપિયા ૨૨૫ કરોડનો સંપૂર્ણ ટ્રેક રેકોર્ડ હાથવગો થઈ ગયો છે. આમ છતાં પણ કોઈ અગમ્ય કારણોસર મિ. ત્યાગીની ધરપકડ પછી સમગ્ર મામલાને બ્રેક લાગી ગઈ છે. જો કે ૧૬ જુલાઈ ૨૦૧૭ ના રોજ મેટ્રીકસ હોલ્ડીંગ્સ લી.ની દુબઈ સ્થિત કંપનીની ડાયરેકટર શિવાની સકસેનાની ઈ.ડી. દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા જાણીતી મોટી ખરીદીઓ ઉપરાંત શસ્ત્ર સંબંધિત હજારો પ્રકારની સામગ્રી એટલે કે નાની આઈટેમોની ખરીદીઓ પણ ચાલુ જ હોય છે. એ માટે પણ કંપનીઓ સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓ અને વિદેશના વિક્રેતાઓ વચ્ચે સતત લોબિંગનું કામ કરે છે.

બ્રાઝિલની વિમાન ઉત્પાદક કંપની એમ્બ્રેયેરે પણ ભારતીય હવાઈદળ તરફથી ૨૦.૮ કરોડ ડોલરના ઓર્ડર લેવા માટે બે નંબરી કંપનીને રૂા. ૫૫.૬૫ લાખ ડોલરની ખાયકી આપી હતી. આ કંપની ભારતની બહાર જ હતી પરંતુ તેનો એક શેર હોલ્ડર ભારતીય હતો જેણે એજન્ટ તરીકે આ રકમ સ્વીકારી હતી. એમ્બ્રેયેર કંપનીને ભારતીય હવાઈદળ ને ત્રણ વિમાન પધરાવવાનો નફો રૂા. ૮.૪ કરોડ ડોલર થયો હતો. આથી જ એવી પણ શકયતા છે કે અત્યાર સુધી ઝડપાયેલી વચેટિયાની રકમ કરતા પણ આ ખાયકીની રકમ ઘણી મોટી હોઈ શકે. આ કૌભાંડ પણ એન્ફોર્સમેન્ટ ડાયરેકટોરેટ દ્વારા તપાસના લાંબા સિલસિલામાં અટવાયેલું છે. જેમ માછલીઓના આંસુ જોઈ શકાતા નથી તે રીતે શસ્ત્ર સોદાગરો કયાંથી અને કઈ રીતે કમીશન લે છે તે સામાન્ય સંજોગોમાં જાણી શકાતું નથી. ભારતમાં બોફોર્સ પહેલા પણ શસ્ત્ર સોદાઓમાં કમિશન લેવાયું હોવાનો ઈતિહાસ છે. બોફોર્સથી ચાલુ થયેલો શસ્ત્ર સોદાઓના કમિશનનો વંશવેલો આજે પણ ભારતના સંરક્ષણગૃહ અને નાણાખાતાને વિંટળાયેલો છે. આંતરિક સુરક્ષાના સાધનો માટેની ઘણી મોટી આયાત ગૃહખાતુ કરે છે. તેમાં પણ વચેટિયાઓની મોટી વણઝાર કાર્યરત થયેલી છે.

આપણા દેશને અંદર ને અંદર કોરી ખાતા આવા ભ્રષ્ટાચારીઓને શોધી–શોધી ને તેમને કડક સજાઓ કરવી જોઈએ જેથી ફરીને ભવિષ્યમાં બીજા ભ્રષ્ટાચારીઓ તેનું અનુકરણ ન કરે. પરંતુ આપણને લાગતુ નથી કે સરકાર આ બાબતે વધારે કાંઈ કરી શકે ! કારણ કે દરેક રાજકીય પક્ષને વોટબેંકની ચિંતા સતાવતી હોય છે. પોતાની ખુરશી બચાવવા માટે તેઓ ભ્રષ્ટાચારી લોકો સાથે સમાધાનકારી વલણ અપનાવતા હોય છે. ખરેખર આ બાબત આપણા દેશ અને દેશના એક નાગરીક તરીકે આપણા માટે ખૂબ જ ગંભીર ગણી શકાય.

કારણ કે દેશના દરેક નાગરીક પછી તે પ્રધાન હોય કે નાનો માણસ તેના માટે રાષ્ટ્રધર્મથી બીજો કોઈ ધર્મ મહાન ન હોવો જોઈએ અને વળી આતો દેશની આંતરીક સુરક્ષાની બાબત છે, દેશના દરેક નાગરીકની સલામતિની બાબત છે. તો આ બાબતે ભ્રષ્ટાચાર કેમ સાંખી લેવાય ? પરમાત્મા દેશના રાજનેતાઓને સદ્બુધ્ધિ આપે કે તેઓ કોઈપણ ભોગે આવા ભ્રષ્ટાચારીઓને છાવરે નહી પરંતુ ઉઘાડા પાડી પોતાનો રાષ્ટ્રધર્મ નિભાવે...

Dr. Nirav Karmata

M.B.B.S., D.Ch.

# Akshar

Child Care




1, Ajanta Complex,
Nr. Gangotri Dairy,
Sadhu vasvani Road, Rajkot.
Ph. : 0281 2588133,
Cell : 74057 19197
e-mail : nrvjk@yahoo.co.in

Daxeshkumar D. Geriya

Jayeshbhai D. Geriya
M. : 98256 34744

Jigneshbhai D. Geriya
M. : 98252 58197

# Shreeji JEWELLERS

Dinkarbhai D. Geriya

Gold-Silver Ornaments & Gift Article's Latest Show-room



Asterland-G/5, Ground Floor, Sun City,
Sadhuvasvani Road,
Rajkot. Phone : 0281-2586171

BHAVIK VAGHELA

Since 2005

M. 098250 67582
094268 41315

"THE PLACE OF QUALITY EDUCATION"

# SAMARTH CONSULTANCY

The Centre of Admission & Guidance

Karnataka | Maharashtra | Rajashjan | M.P.

418, Star Plaza, Phulchhab Chowk, RAJKOT-360 001.
GUJARAT. PH. 0281 - 2452919

MEDICAL | DENTAL | AYURVEDIC | HEMEOPATHY | VETERINA
PHYSIOTHERAPY | NURSING | ENGINEERING (ALL BRAN

# શ્રીજી સોલ્યુશન

## સેલ્સ એન્ડ સર્વિસ

ડેસ્કટોપ, લેપટોપ, પ્રિન્ટર (લેઝર/કલર), C.C.T.V. કેમેરા & સીક્યુરીટી સિસ્ટમ EPABX, LED T.V., મની કાઉન્ટીંગ & ચેકીંગ મશીન, બારકોડ સ્કેનર & પ્રિન્ટર મળશે.

કોમ્પ્યુટરને લગતી તમામ પ્રોડક્ટ એન્ડ એસેસરીઝ મળશે.

**Computer** Repair

*any brand, any problem*



TOSHIBA acer SONY VAIO Gateway DELL hp ASUS SAMSUNG

# ટ્રાવેલ્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ



- એર ટીકીટ
- રેલ બુકીંગ
- બસ ટીકીટ
- હોટલ બુકીંગ
- ટુર બુકીંગ

**અંકિત વોરા મો. ૮૧૨૮૯ ૮૯૮૯૬**



LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

- L.I.C. ઈન્સ્યોરન્સ
- કાર ઈન્સ્યોરન્સ
- ટુ-વ્હીલર ઈન્સ્યોરન્સ
- પાસપોર્ટ
- ઈન્ટરનેશનલ સીમકાર્ડ

રામપાર્ક મેઈન રોડ, આત્મીય કોલેજની સામે, નવકાર જનરલ સ્ટોર્સની બાજુમાં, કાલાવડ રોડ, રાજકોટ.

Sumit
96240 72729

ॐ

Tejas
96011 67700




# SECURE
## ENTERPRISE

**For all type of Loan**

7, Jimmy Tower, Nr. Swaminarayan Gurukul, Gondal Road,
JKOT-360002. E-mail : tejash.joshi05@gmail.com

AN ISO 9001 2008 CERTIFIED SHOWROOM

BIMAL TM
TYRES

Delivering Satisfaction Since 1961

Authorised Dealer

APPOLLO - BRIDGESTONE - HANKOOK - J.K. - MAXXIS
GOODYEAR - DUNLOP - MACHELIN - CONTINENTAL - VREDESTEIN

SHOWROOM

Bimal House, Gondal Road, Nr. J K Hero Showroom,
Rajkot - 360002 (Guj) INDIA. Ph : +91 - 281 - 2231911, 2226442

BRANCH

Rajkot A'bad Highway, Opp, Audi Showroom, Navagam,
Rajkot - 360 003 (Guj) INDIA. Ph. : +91 - 281 - 2707878

www.bimaltyres.com | bimaltyres_rajkot@rediffmail.com



# 'જગતનો તાત' પરિસ્થિતિથી મ્હાત

## સાંપ્રત સમસ્યા...

- અજીતસિંહ જાદવ

આપણો દેશ કૃષિપ્રધાન દેશ ગણાય છે. કૃષિ કરનાર ખેડૂતને 'જગતનો તાત' ગણવામાં આવે છે. આપણા દેશની ૬૦ ટકા ઉપરની વસ્તી ગ્રામ્યવિસ્તારમાં રહે છે. દેશના અર્થતંત્રમાં કૃષિ ઉત્પાદનનો ફાળો ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. આપણા દેશની ખેતી કુદરત આધારીત હોવાથી ચોમાસાની અસર તેનાં પર ખૂબ જ પડે છે સારૂ ચોમાસુ અર્થતંત્રને ફુલ ગુલાબી બનાવી દે છે અને જો ચોમાસુ નબળું જાય તો અર્થતંત્રને ફટકો પડે છે. દેશમાં આઝાદી બાદ ૫૪૩ નર્મદા બંધ બની શકે તેટલી રકમ રૂા. ૩.૪૫ લાખ કરોડ સિંચાઈ સહિતની સુવિધામાં વપરાયા છે છતાં ૫૦ ટકા ખેડૂતો ચોમાસા પર નિર્ભર રહે છે.

ખેડૂતોની સમસ્યાઓ દિવસે દિવસે વધતી જાય છે. નાનો ખેડૂત વધુને વધુ દેવાદાર બનતો જાય છે. હેકટરદીઠ વધુ ઉત્પાદન મેળવવા ખેડૂતોએ નવીન અભિગમ અપનાવવા ભારે રોકાણ કરીને જરૂરી આધુનિક માળખું પણ ઉભુ કર્યુ. જેમકે ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવવા મોંઘી ટપક સિંચાઈ પધ્ધતિ અપનાવી. ખેડૂતોને એમ હતુ કે આ બધુ કરવાથી એટલે કે વધુ ખર્ચ અને વધુ મહેનત કરવાથી ઉત્પાદન વધશે, સારો ભાવ મળશે તો બે પાંદડે થવાશે. પરંતુ દાયકાઓથી બને છે તેમ, મબલખ ઉત્પાદન આવે તો બજારમાં ભાવ તળિયે બેસી જાય. મબલખ પાક આવે ત્યારે ઘણીવાર એવુ બને છે કે ખેડૂતે પાક લેવા માટે જે ખર્ચ કર્યો હોય છે તે તો ભૂલી જ જવાનો લટકામાં ખેતરથી માર્કેટ યાર્ડ સુધી પાક પહોંચાડવાનો પરિવહનખર્ચ પણ નીકળતો નથી. આમ સારૂ ચોમાસુ થવાથી, મબલખ ઉત્પાદન થવાથી દેશના ખેડૂતોને લાભ થશે અને તેઓની આવક વધશે એવુ માની લેવાની જરૂર નથી. કારણકે આપણી વિચિત્ર વેચાણ વ્યવસ્થા એવી છે કે મબલખ પાક થવાથી પણ ખેડૂતો માથે ઓઢીને રોવે એવી પરિસ્થતિ સર્જાય છે!

થોડા સમય પહેલા બનેલી આ ઘટના સમજીએ. ડુંગળીનાં ઉત્પાદન માટે પંકાયેલા મહુવા પંથકના એક ગામનો ખેડૂત ડુંગળી તૈયાર થતાં તેનુ વેચાણ કરવા મહુવા માર્કેટ યાર્ડમાં લાવ્યો હતો. તે ટ્રેકટર ખાલી કરવા માટે પોતાનો વારો આવે તેની રાહ જોતો ઉભો હતો. અંતે તેનો વારો આવ્યો એટલે વેપારીઓએ ડુંગળીનો ભાવ મણનાં રૂા. ૨૦ કહયો. હવે આ ભાવે તો ડુંગળી ભરવાની થેલી પણ મોંઘી પડે કરવુ શું ? ડુંગળીનુ ઉત્પાદન કરવામાં ખર્ચ અને મહેનતમાં નિચોવાઈ ગયેલો ખેડૂત તેને વેંચ્યા વગર ડુંગળી ફરી પાછી ટ્રેકટરમાં ભરીને પોતાને ગામ જાય તો

ડુંગળી ભરવાની મજૂરીનો ખર્ચ ખમી શકે તેમ નહોતો. તેણે એક ઝડપી નિર્ણય લીધો. વેપારીની સામે જ તેણે પોતાનું ટ્રેક્ટર ચાલુ કર્યુ અને પોતાની જ ડુંગળી ઉપર ફેરવી દીધું અને મૂંગો-મૂંગો પોતાની જ ડુંગળી ટ્રેક્ટર હેઠળ છૂંદીને ચાલ્યો ગયો. હવે તમે કહો આ સમયે આ ખેડૂતની મનઃસ્થિતિ કેવી હશે કે જેણે ૪ મહિના સુધી ડુંગળી પકાવવા નવજાત બાળકની જેમ તેની માવજત અને મહેનત કરી ત્યારે તેને છૂંદી નાખવાથી તેને આનંદ તો નહી જ આવ્યો હોય ! ઉલ્ટાનુ પોતાનાં જ સંતાનને મારી નાખવા જેવી પીડા સહન કરી હશે એમાં બે મત નથી ! આવી મૂક પીડાને કોઈ મીડિયાએ હેડલાઈન તરીકે ના છાપી.

સ્વામી નાથન કમિશન રિપોર્ટની ભલામણો મુજબ,. ખેડૂતોને ઓછામાં ઓછા પાકનાં ઉત્પાદન પાછળ થતા ખર્ચ જેટલી રકમ ઉમેરીને એટલે કે ખર્ચની બમણી રકમ પાકનાં વેચાણથી મળવી જોઈએ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત લોકસભાની ચુટણી પહેલા તેમને સત્તા મળશે તો સ્વામી નાથન કમિશનનાં રીપોર્ટની ભલામણો લાગુ પાડવાનું વચન આપ્યુ હતુ. પરંતુ કૃષિ મંત્રાલયનાં જ આંકડા મુજબ ૨૦૧૪-૧૫ નાં વર્ષમાં, મધ્યપ્રદેશના ખેડૂતોને બજારમાં ડાંગરનાં પાકનાં જે પૈસા ઉપજયા તે તેમના ઉત્પાદન ખર્ચ કરતા ૧૫ ટકા ઓછા હતા અને ઘઉના ઉત્પાદનમાં માત્ર ૨ ટકાનો નફો મળ્યો. ઉતરપ્રદેશનાં ખેડૂતોને બટાટાનાં ઉત્પાદનમાં માત્ર ૫ ટકા નફો મળે છે, જયારે પંજાબના કપાસ ઉગાડતા ખેડૂતો ૨૦ ટકા જેટલી ખોટ ખાય છે. આનો અર્થ એ થયો કે ખેડૂતોની મહિનાઓની મહેનતનું તો જવા દો, તેમણે કરેલા ખર્ચ જેટલા પૈસા પણ તેમને ન મળ્યા. આમાં ખેડૂત પોતાના પરિવારનો નિભાવ કેવી રીતે કરી શકે ? આજે આપણા દેશનાં ખેડૂતની સ્થિતિ એવી છે કે પાક નિષ્ફળ જાય ત્યારે સ્વાભાવિકપણે ખેડૂત પાયમાલ થઈ જાય છે અને પાક સારો થાય તો બજારમાં તેના ભાવ તળિયે બેસી જતાં તે નાદાર થઈ જાય છે આ બે સિવાય ની કોઈ ત્રીજી પરિસ્થિતિ તો છે નહી કે ખેડૂતોને ઉગારી શકે.



બિયારણના સતત વધતા ભાવ, સિંચાઈનો વધતો ખર્ચ, મજૂરીના ખર્ચા, ખેતીના ઓજારો ભાડે લાવવાનો ખર્ચ, દવાઓનો ખર્ચ, જમીન ભાડે રાખવાના ખર્ચાઓએ ખેડૂતોને પાછળ રાખી દીધા છે.

આપણે ત્યાં એવું મનાય છે કે ખેડૂતોને તમામ પ્રકારે મદદ કરવામાં આવે છે છતાંય તે કાયમ રોદણા રૂએ છે. ખેડૂતોને ઓછા વ્યાજદરે લોન મળે છે, સસ્તા પાણી, વીજળી, સબસીડીવાળુ ખાતર અને ડીઝલ મળે છે અને ટેકાના ભાવનો સપોર્ટ મળે છે છતાં પૂરતી આવક મેળવતો નથી અને હજુ નુકશાન કરે છે. કેમ ખેડૂત પરિવારનાં બે છેડા ભેગા થતા નથી ?

૧૦૦ ટકા ખેડૂતોને ટેકાના ભાવ મળી જાય તો વાંધો ના આવે. પરંતુ ટેકાનાં ભાવ લેતા સરકારી અધિકારીઓની એ.પી.એમ.સી.માં વેપારીઓ સાથેની સાંઠગાંઠના કારણે બધા ખેડૂતોને ટેકાના ભાવ મળતા નથી. અધિકારી વેપારી ખેડૂતનો અને કમિશન આપતા ખેડૂતોનો માલ ટેકાના ભાવે લઈ લે છે અને ખરા ખેડૂતોનાં માલમાં વાંધો કાઢી તેને નકારી કાઢે છે. આ રીતે ટેકાના ભાવમાં પણ મોટો ભ્રષ્ટાચાર થઈ રહયો છે આમ ટેકાના ભાવમાં પણ મોટા પાયે તો વેપારીઓનો માલ જ સરકારી અધિકારી ખરીદે છે.

થોડા વર્ષો પહેલા ધ્રાંગધ્રા વિસ્તારમાં બહાર આવેલો ભ્રષ્ટાચાર તેનું એક સરસ ઉદાહરણ છે. ઘટના એવી હતી કે, ટેકાના ભાવ લેવા માંગતા ખેડૂતોના ટ્રેકટરોના નંબર સાથેની નોંધણી થાય છે. ધ્રાંગધ્રામાં ટેકાના ભાવ માટે નોંધાવેલા ટ્રેકટરોનાં નંબરો બાબતની આરટીઓમાંથી વિગતો માંગવામાં આવી ત્યારે ખબર પડી કે એવા નંબરના કોઈ ટ્રેકટર આરટીઓમાં નોધાયા જ ન હતા. અહીં પડદા પાછળની હકીકત એવી છે કે વેપારીઓ સરકારી અધિકારીઓને અને ગામના તલાટીઓને ફોડીને ૭-૧૨ નાં ઉતારા મેળવી લે છે અને પછી એ ખેડૂતોનાં નામે પોતાના માલ ટેકાના ભાવમાં વેચે છે. આ તો નાનકડા ગામનાં ભ્રષ્ટાચારનો કિસ્સો છે. દેશમાં આવા તો

અનેક જગ્યાએ આવા કેટલા ભ્રષ્ટાચારો ચાલતા હશે તેની તો કલ્પના જ કરવી રહી ! કારણ કે બધા કૌભાંડો બહાર આવતા ન હોવાથી સમયનાં કાળમાં દબાઈ જતા હોય છે. ટેકાના ભાવ અંગે નાના નાના અને જરૂરીયાતવાળા ખેડૂતોમાં જાગૃતિ જ નથી.

આવી જ રીતે પાક વીમા અંગેની પરિસ્થિતિ છે. એવું વ્યાપકપણે બની રહયુ છે કે ખેડૂતો વીમા અધિકારીઓને કમિશન આપે તો તેનો વીમો મંજૂર થાય છે. આમાં એવી પણ વિચિત્ર પરિસ્થિતિ ઘણીવાર પેદા થાય છે કે પાસપાસેના બે ખેડૂતોનાં ખેતરોમાંથી એક ખેડૂતનો પાક સાવ નિષ્ફળ જતાં અને બાજુના જ ખેડૂતનો પાક સારો થવા છતાં પણ વીમા અધિકારીને કમિશન દેવાથી સારો પાક થનાર ખેડૂતનો વીમો મંજૂર થઈ જાય છે. અને બિચારો એ ખેડૂત કે જેનો પાક સાવ નિષ્ફળ ગયેલો છે તેણે કમિશન ન ચૂકવવાથી વીમો મંજૂર થતો નથી. આ કયાં નો ન્યાય ? આવી વિચિત્ર છતાં પણ કરૂણ પરિસ્થિતિ આપણા દેશમાં જોવા મળે છે તે ખરેખર વિધિની વક્રતા કે બીજું કાંઈ ?

ખેડૂતોની અસલ સમસ્યાઓની જવલ્લે જ ચર્ચાઓ કે વાતો થાય છે. રાજય સરકારો દબાવમાં આવીને ખેડૂતોને લોન માફ કરવાની જાહેરાતો કરી રહી છે. શું લોન માફીનું આ પગલું વ્યાજબી છે ? શું ખેડૂતોની ખરેખરની સમસ્યાઓનો ઉકેલ એટલે લોન માફી છે ? લોન માફીનું આ પગલું ખરેખર કેટલુ વ્યાજબી છે ? દેશના જાણીતા પત્રકાર અને ગ્રામીણ અર્થતંત્રના ઈશ્યુમાં એક સૌથી પ્રતિષ્ઠીત ગણાતા પી. સાંઈનાથ પણ લોન માફીને લગભગ અર્થહીન ગણાવી ઠોસ ઉપાય તરફ લઈ જતા કહે છે કે યોગ્ય ફાર્મ ક્રેડીટ સિસ્ટમ લાગુ પાડવી જોઈએ જેથી ખેડૂતોને યોગ્ય મદદ મળી શકે. કેન્દ્ર સરકારે આ વિષયને લઈને ૧૦ દિવસનું વિશેષ સત્ર બોલાવવું જોઈએ અને તેમાં ખેડૂતોના સંગઠનોને બોલાવી તેની સમસ્યાઓ બાબતે જાણવું જોઈએ અને ૧૦ વર્ષ પહેલા બહાર પડેલા અને ધૂળ ખાઈ રહેલા સ્વામીનાથન કમિશન રિપોર્ટનો અમલ કરવો જોઈએ.

**બીજી બાજુએ સરકારની વાત કરીએ તો તેને ખેડૂતોનાં હિત એટલે દેવા માફી અને ટેકાના ભાવ સિવાય આગળ કાંઈ સુઝતુ જ નથી. સરકાર ઉદ્યોગોનો વિચાર તો કરે છે પણ ખેડૂતો માટે નહીં.**


ખેડૂતો માટે સૌથી મોટો ઈસ્યુ લોન માફી નહી પણ મીનીમમ સપોર્ટ પ્રાઈસ (એમ.એસ.પી.) છે. ૨૦૧૪ ની લોકસભામાં એન.ડી.એ. એ વચન આપ્યુ હતુ કે ખેડૂતોને પાક માટે પાકની પડતર વત્તા ૫૦ ટકા રકમ આપવામાં આવશે પણ તેનું પાલન કર્યુ નથી. હવે કેન્દ્ર સરકારે ઠંડે કલેજે ઠીકરૂ રાજયોના માથે ફોડે છે. માત્ર મોદી સરકાર જ કેમ ? છેલ્લા ૩૦ વર્ષોમાં આ ઈસ્યુઓના સમાધાન માટે કંઈ નથી થયુ. અરૂણ જેટલી પહેલા પ્રણવ મુખર્જી અને શરદ પવારે પણ કૃષિ ક્રેડીટને ડબલ કરી આપવાનો દાવો કર્યો હતો પણ પૈસો કયારેય ખેડૂતના હાથમાં ગયો નહી.

ખરેખર ગરીબ કોણ છે ? ખરેખર કોને જરૂર છે એ જાણવું જરૂરી છે. નીતિ આયોગ ખુદ ના પાડે છે કે અમને સરકારી આંકડા ઉપર વિશ્વાસ જ નથી. સરકારી આંકડાઓ જ ખોટા છે. આવી રીતે ખોટા આંકડાઓને લઈને કામ કરતા તો ૫૦ વર્ષે પણ સમસ્યાઓ ન ઉકેલાય એટલે ખરી ઓળખ થાય તે જરૂરી છે. યુનિક આઈડેન્ટીફિકેશન એ દિશાનું નકકર પગલું ગણી શકાય. એ થઈ જશે ત્યારે બધા લાભાર્થી ખેડૂતોના ખાતામાં પૈસા જમા થઈ જશે.

અત્યારે તો ખેડૂત આંદોલનોમાં પણ રાજકારણ રમાઈ રહયુ છે. જેતે રાજય સરકારના વિપક્ષો તેના રાજકીય રોટલા શેકવા ખેડૂતોનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહયા છે. બાકી કોઈ રાજકીય પક્ષ કે નેતાઓને ખેડૂતોના હિત બાબતે જરાપણ ચિંતા નથી. એવામાં સ્વામીનાથનના આ શબ્દો દરેકે યાદ રાખવા જોઈએ 'જો કૃષી નિષ્ફળ જશે તો બાકી બધુ નિષ્ફળ જશે.'

આ ઉપરાંત સરકારે પોતાની કૃષીનીતિઓ પણ યોગ્ય રીતે ઘડવી જોઈએ અને જો યોગ્ય નીતિઓ અને સાચી સિસ્ટમ લાગુ પાડવામાં આવશે તો દેશના નાનામાં નાના ખેડૂતને પણ લાભ થશે તેને કયારેય આક્રોશમાં આવી ને પોતાના હકકો મેળવવા રસ્તા પર નહી ઉતરવું પડે કે સ્વાર્થી રાજકીય પક્ષો તેનો દુરૂપયોગ પણ નહી કરી શકે.

દેશનો ખેડૂત ખુશહાલ થશે તો દેશનું અર્થતંત્ર પણ મજબૂત બનશે અને દેશનો સર્વાંગી વિકાસ થતો કોઈ રોકી નહી શકે... ❖




# NPA નો બોજો શું ગ્રાહકો માટે જ છે ?

## એન.પી.એ.... એક સમસ્યા...

- રણજીતસિંહ જાદવ

અત્યારે વિશ્વના દરેક દેશો મંદી સામે લડવા બાથ ભીડીને બેઠા છે. દરેક દેશ પોતાના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે અનેક પ્રકારના પગલાંઓ અને નીતિઓ ઘડે છે. વિશ્વમાં મંદીનો માહોલ છવાયેલો છે ત્યારે બેંકોમાં થતા NPA (નોન પર્ફોર્મિંગ એસેટ) બાબતે થોડી ચર્ચા કરીએ.

છેલ્લા ચાર–પાંચ વર્ષોથી વધતી એન.પી.એ. ના કારણે દેશમાં આવેલી બેંકો અને એમાંય ખાસ તો જાહેર ક્ષેત્રની બેંકોની નાણાકીય હાલત ખૂબ જ ડામાડોળ છે. બેંકોમાં વધતા એન.પી.એ. બાબતે પ્રતિકૂળ કારણો જવાબદાર છે અને ખાસ તો જેને બેંકોના ભ્રષ્ટ અધિકારીઓને આ માટે ખૂબ જ જવાબદાર માનવામાં આવે છે. પોતાના અંગત આર્થિક લાભ માટે થઈને બેંકની મોજૂદ નીતિઓ અને નિયમોમાં બદલાવ કરીને બેંક માથે એન.પી.એ.ના બોજામાં વધારો કરે છે.

એન.પી.એ. નો બોજો ઘટાડવા સરકાર અને રીઝર્વ બેંક પણ ઘણા સમય થયા સક્રિય થઈ છે. તાજેતરમાં બેન્કરપ્સી કોડના અમલ સહિતના પગલાના કારણે એન.પી.એ.ની વસૂલાતની કામગીરીમાં વેગ આવ્યો છે. પરંતુ બીજી તરફ જોઈએ તો રિઝર્વ બેંક દ્વારા ભરાયેલા આકરા પગલાથી ચાલુ વર્ષે બેંકોની જોગવાઈઓમાં આશરે ૨૫ ટકાનો જંગી વધારો થવાની ધારણા છે. આ ઉપરાંત રેટીંગ એજન્સી ક્રિસીલેના જણાવ્યા મુજબ બેંકોના જે ૧૨ મોટા એન.પી.એ. એકાઉન્ટ છે તેના ઉકેલ માટે આશરે ૬૦ ટકા વધુ નુકશાન વેઠવું પડશે.


એવું કહેવું અયોગ્ય નથી કે બેંકોનો એન.પી.એ. નો બોજો હળવો કરવા રિઝર્વ બેંક અને સરકાર દ્વારા હાથ ધરાયેલા પગલાના કારણે બોજામાં વધારો જ થશે.

ચાલુ કેલેન્ડર વર્ષની શરૂઆતથી જ રિઝર્વ બેંક અને સરકાર દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીના કારણે બેંકોને પોતાના માથે બોજો વધશે એનો અણસાર આવી જ ગયો હતો અને તે કારણથી બેંકોએ આ બોજાનું ભારણ ઘટે તે માટેની કસરતો હાથ ધરી દીધી હતી. આ કસરતના ભાગ રૂપે દેશની સૌથી મોટા જાહેર ક્ષેત્રની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ નવા નાણાંકીય વર્ષના પ્રારંભથી એટલે કે ગયા એપ્રિલ માસથી બેંકોમાં થતા રોકડ વ્યવહાર સહિતના અન્ય તમામ પ્રકારના વ્યવહારો પર મર્યાદા મુકાયાની સાથોસાથ વિવિધ પ્રકારના ચાર્જીસ

અમલી બનાવ્યા હતા. સ્ટેટ બેંકના આ પગલા બાદ જાહેર ક્ષેત્રની અન્ય બેંકો અને ખાનગી બેંકોએ પણ આ રસ્તે ચાલવાનો નિર્ણય લીધો. અત્યારે આના કારણે દેશભરની બેંકો દ્વારા તેમના ખાતેદારો પાસેથી બેફામપણે અલગ-અલગ પ્રકારના ચાર્જીસની વસૂલાત કરવામાં આવી રહી છે.

આમ, નોટબંધી દ્વારા બેંકો દ્વારા ખાતેદારોને નિશાન બનાવીને વિવિધ ચાર્જીસના નામે વસૂલાતની પ્રક્રિયા હાથ ધરાઈ છે. તે જરાપણ વ્યાજબી નથી. ખાતેદારો પાસેથી વિવિધ પ્રકારના ચાર્જીસ વસૂલવા માટે ઉત્સાહિત બેંકોએ જો પોતે કરેલા ધિરાણો અને તેની વસૂલાતમાં પૂરતુ ધ્યાન આપ્યુ હોત તો એન.પી.એ. નો બોજો આટલી હદ સુધી વધવા ના પામત. પરંતુ આવી બાબતોમાં નિષ્ફળ રહેલી બેંકોએ હવે નિર્દોષ ખાતેદારો પર કડકાઈ અપનાવીને વિવિધ ચાર્જીસના નામે જે બેફામ વસૂલાતના નામે 'લૂંટ' ચલાવી છે તે બાબતે તંત્રને જાણ હોવા છતાં પણ તે નિંભરપણે માત્ર જોયા કરવામાં જ રચ્યુ પચ્યુ છે અને આંખ આડા કાન કરીને બેઠું છે. આ બધાના કારણે બિચારો બેંક ખાતેદાર લાચાર બની યયો છે અને મૂંગે મોઢે આવા વિવિધ ચાર્જીસના મારનો કોરડો ઝીલી રહયો છે. પરંતુ જો બેંકો અને સરકાર આ બાબતે અટકશે નહીં તો હવે આ 'લાચાર' ખાતેદારની સહનશીલતાની હદ તૂટી જતાં તેને વિફરતા અને બેંકો સામે શિંગડા ભેરવતા વાર નહીં લાગે અને આ લડાઈ દેશભરમાં ફેલાઈ જશે.

## How an Assets become NPA





Note :- Banks should, classify an account as NPA only if the interest due and charged during any quarter is not serviced fully within 90 days from the end of the quarter.




આથી આવા આંદોલન ન થાય તે માટે બેંકો અને સરકારે અત્યારથી ચેતી જવાની જરૂર છે અને એના માટેના યોગ્ય નિર્ણયો તાત્કાલીક અસરથી લેવા પડશે... ❖

**ચાલુ કેલેન્ડર વર્ષની શરૂઆતથી જ રિઝર્વ બેંક અને સરકાર દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીના કારણે બેંકોને પોતાના માથે બોજો વધશે એનો અણસાર આવી જ ગયો હતો અને તે કારણથી બેંકોએ આ બોજાનું ભારણ ઘટે તે માટેની કસરતો હાથ ધરી દીધી હતી. આ કસરતના ભાગ રૂપે દેશની સૌથી મોટા જાહેર ક્ષેત્રની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ નવા નાણાંકીય વર્ષના પ્રારંભથી એટલે કે ગયા એપ્રિલ માસથી બેંકોમાં થતા રોકડ વ્યવહાર સહિતના અન્ય તમામ પ્રકારના વ્યવહારો પર મર્યાદા મુકાયાની સાથોસાથ વિવિધ પ્રકારના ચાર્જીસ અમલી બનાવ્યા હતા. સ્ટેટ બેંકના આ પગલા બાદ જાહેર ક્ષેત્રની અન્ય બેંકો અને ખાનગી બેંકોએ પણ આ રસ્તે ચાલવાનો નિર્ણય લીધો. અત્યારે આના કારણે દેશભરની બેંકો દ્વારા તેમના ખાતેદારો પાસેથી બેફામપણે અલગ-અલગ પ્રકારના ચાર્જીસની વસૂલાત કરવામાં આવી રહી છે.**

# ઈઝરાયેલનો 'મૃત સમુદ્ર' જયાં કોઈ ડૂબતું નથી.



ગયા મહિને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયેલની ત્રણ દિવસની ઐતિહાસીક મુલાકાતે ગયા હતા. ભારત આઝાદ થયા ને ૭૦ વર્ષ થયા પણ આ પહેલા આપણા દેશના કોઈ વડાપ્રધાન ઈઝરાયેલ ગયા ન હોતા.

ઈઝરાયેલની આ મુલાકાત આપણા દેશ માટે ખરેખર ઐતિહાસીક બની ગઈ છે. નરેન્દ્ર મોદીને આવકારવા માટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેત ન્યાહુએ પ્રોટોકોલ તોડીને એરપોર્ટ ગયા હતા અને જયાં મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. અગાઉ આવુ સ્વાગત ઈઝરાયેલ દ્વારા માત્ર પોપ અને અમેરીકી રાષ્ટ્રપતિને કરવામાં આવેલુ હતુ. મોદીની ઈઝરાયેલની મુલાકાત પહેલા ત્યાંના અખબારોમાં આ સમાચારને ખૂબ જ મહત્વ આપવામાં આવેલ હતુ. ત્રણ દિવસની તેમની યાત્રા દરમ્યાન ભારત અને ઈઝરાયેલ વચ્ચે ૭ સમજૂતી–કરારો કરવામાં આવ્યા. જેમાં સંરક્ષણક્ષેત્ર, અવકાશક્ષેત્ર, કૃષિક્ષેત્ર વિગેરેનો સમાવેશ થાય છે.

## અહો વૈચિત્રમ્...

- ભગતસિંહ ઝનકાટ

ઈઝરાયેલની આખા દેશની વસ્તી માત્ર ૯૦ લાખની આજુબાજુ છે. ઈઝરાયેલ ટેક્નોલોજીમાં ખૂબ જ આગળ પડતુ સ્થાન ધરાવે છે પછી તે સંરક્ષણક્ષત્રે હોય કે કૃષિક્ષેત્રે. ઈઝરાયેલ મોટાભાગે રણપ્રદેશ હોવા છતાં પણ ત્યાં ઓછા પાણીથી આધુનિક સંશોધનની મદદથી ખેતી કરવામાં આવે છે. મોદીની મુલાકાતને કાયમી યાદ બનાવવા માટે ત્યાંના ફૂલોની વિકસાવેલી જાતોમાંથી એક જાતને "મોદી" નામ આપવામાં આવેલું છે. ઈઝરાયેલની સરહદ પર પડોશી તરીકે જોર્ડન, સીરીયા, પેલેસ્ટાઈન વિ. જેવા સાત દુશ્મનો મળેલા છે. જે સાતેય સાથે એકી સાથે યુધ્ધ કરીને બધા પર વિજય મેળવેલો એવો ઈઝરાયેલ એકમાત્ર દેશ છે.

ચારે બાજુથી દુશ્મન દેશોથી ઘેરાયેલ અને સંઘર્ષ કરી રહેલા ઈઝરાયેલ તેની આગવી ટેક્નોલોજીથી વિશ્વમાં પ્રખ્યાત છે અને તે નાનો દેશ હોવા છતાં પણ તેની લશ્કરી આધુનિક તાકાતથી તેના દુશ્મનોનો ખાત્મો બોલાવી શકે છે.

આમ તો ઈઝરાયેલ યહૂદી દેશ છે પણ ત્યાં મુસ્લિમો પણ મોટી સંખ્યામાં છે. આવા ગજબના દેશ એવા ઈઝરાયેલમાં એક અજબ પ્રકારનો સમુદ્ર જોવા મળે છે. જેની આજે આપણી અહીં વિગતે ચર્ચા કરવાના છીએ.

આ સમુદ્ર 'ડેડ સી' એટલે કે મૃત સમુદ્રના નામથી વિશ્વમાં ઓળખાય છે. આ સમુદ્ર જોર્ડનની બોર્ડર પર ઈઝરાયેલની પૂર્વ અને પેલેસ્ટાઈનની

પશ્ચિમ બાજુએ આવેલો છે. તે ૫૦ કિ.મી. લાંબો અને ૧૫ કિ.મી. પહોળો છે અને સરેરાશ ૧૯૯ ફૂટની ઊંડાઈ ધરાવે છે. તેની મહત્તમ ઊંડાઈ ૯૭૮ ફૂટ છે. તે સી–લેવલથી ૪૦૦ ફૂટ નીચે છે.

આ મૃત સમુદ્રની ખાસિયત એ છે કે અહીં કોઈ સમુદ્રી જીવ જીવન જીવી શકતા નથી. આ મૃત સમુદ્રનું પાણી બીજા સમુદ્રો કરતા ૬ થી ૭ ગણું વધુ ખારાશ ધરાવે છે. અહીં પાણીમાં ખૂબજ પ્રમાણમાં મીનરલ્સ, પોટાશ, મેંગેનીઝ વિગેરે ખનીજો અસ્તિત્વ ધરાવે છે આથી અહીંના સમુદ્રના પાણીમાં કોઈ વ્યકિત કોઈ દિવસ ડૂબતો નથી. અહીં તમે કોઈ પણ પ્રકારના સુરક્ષાના સાધનો વગર સમુદ્રમાં ડુબકી મારો તો તેમાં રહેલા પુષ્કળ ખનીજોને કારણે તમે પાણીમાં આપોઆપ ઉપર તરવા લાગો છો. અહીંના પાણીમાં સોડીયમનું પ્રમાણ પણ ખૂબ જ છે.

આમ જુઓ તો વિશ્વમાં આ પહેલો હેલ્થ રીસોર્ટ ગણાય છે. અહીં લાખો લોકો પોતાની બિમારી દૂર કરવા માટે આ સમુદ્રમાં ડૂબકી લગાવવા આવે છે. કારણ કે આ સમુદ્રમાં રહેલા અનેક



પ્રકારના ખનીજોની પુષ્કળ માત્રાને લીધે લોકોની અમુક પ્રકારની બિમારીઓ દૂર થઈ જાય છે. વૈજ્ઞાનિકોના મતે આ સમુદ્ર ખૂબ જ મૂલ્યવાન અને ઉપયોગી સમુદ્ર છે.

લોકો અહીં સમુદ્રમાં પુષ્કળ પ્રમાણમાં થતાં મીઠા અને મીનરલ્સનો ઉપયોગ કોસ્મેટીકસ અને હર્બલ પ્રોડક્ટસ બનાવવા માટે કરે છે. અહીં સમુદ્રમાં ખાતર માટે પુષ્કળ પોટાશ મળે છે.

દર વર્ષે આ સમુદ્ર ૧ મીટર જેટલો સંકોચાતો જાય છે. છેલ્લા પચ્ચીસ વર્ષમાં તે ખૂબ જ સંકોચાઈ ગયો છે. જો કે આ માટે ઈઝરાયેલ અને જોર્ડનની સરકારો હવે આ સમુદ્ર વધારે સંકોડાય નહીં તે માટે ઘણી યોજનાઓ બનાવે છે અને બચાવવા માટે અથાગ પ્રયત્નો કરે છે.

આ સમુદ્ર કિનારાની અનેક વાતો એવી છે કે જેમાંથી આપણે ઘણુ બધુ શીખવાનું છે. આ સમુદ્ર પર પબ્લીક બીચ હોવા છતાં પણ પ્રાઈવેટ બીચ જેટલો ચોખ્ખો તેનો કિનારો દેખાય છે. અહીં ગંદકીનું નામો–નિશાન નથી. આપણા દેશના સમુદ્રકિનારાઓ પર તો ખૂબ જ ગંદકી જોવા મળે છે. અહીં એવુ નથી. આથી આપણે પણ ઈઝરાયેલ અને તેના નાગરીકો દ્વારા રખાતી આવી ચોખ્ખાઈ બાબતે જરૂરથી બોધપાઠ લેવો જોઈએ.

આ સમુદ્રની બીજી બાજુ ઈઝરાયેલ દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને અલગ–અલગ પ્રકારના આર્ટીફીશીયલ ફૂલો ઊગાડવામાં આવે છે. ઘરોમાંથી નીકળતા વેસ્ટેજ પાણીને સાફ કરીને પાઈપલાઈન દ્વારા આવા ફૂલ છોડોને પાણી પહોંચાડવામાં આવે છે.

**લોકો અહીં સમુદ્રમાં પુષ્કળ પ્રમાણમાં થતાં મીઠા અને મીનરલ્સનો ઉપયોગ કોસ્મેટીકસ અને હર્બલ પ્રોડક્ટસ બનાવવા માટે કરે છે. અહીં સમુદ્રમાં ખાતર માટે પુષ્કળ પોટાશ મળે છે.**



ઈઝરાયેલ અને જોર્ડનની સરકારો દ્વારા તેને ખરેખર 'મૃત' થતો અટકાવવા અવનવા અને અનેક પ્રકારના પગલા લેવામાં આવી રહયા છે. છતાં પણ અહીંની સરકાર અને લોકોમાં એવો ડર છે કે દુનિયાની આઠમી અજાયબી જેવો આ સમૃદ્ર ખરેખર 'મૃતઃપ્રાય' તો નહીં થઈ જાય ને?... ❖

# મક્કમ મનથી વજનનું નિયમન કરી શકાય

## નિયમિત આહાર, વિહાર અને નિંદ્રા નિરોગી રાખી શકે...



અત્યારના આધુનિક યુગમાં માનવીની લાઈફ સ્ટાઈલ યંત્રવત થઈ જતા તે અનેક રોગોનો ભોગ બન્યો છે. સતત દોડધામ અને અસલામતીની લાગણી વચ્ચે પોતાના કુટુંબનો નિર્વાહ કરવામાં તે પોતાના સ્વાસ્થ્ય બાબતે બેદરકાર થઈ જાય છે અને અનિંદ્રા, વજન વધવુ, હાઈપરટેન્શન, ડાયાબિટીસ જેવી અનેક બિમારીઓનો ભોગ બને છે અને દવાખાનાના ચક્કરો ખાતો થઈ જાય છે. વિશ્વમાં અને આપણા દેશમાં પણ અત્યારે વ્યકિતનું વજન વધવાની સમસ્યાએ જોર પકડયુ છે. ત્યારે જોઈએ શરીરનું વજન વધતુ કઈ રીતે અટકાવી શકાય અને તેનુ યોગ્ય નિયમન કઈ રીતે કરી શકાય.

શરીરનું વજન ઘટાડવા માટે જરૂરી નથી કે તમારે ઓછો ખોરાક લેવો, જરૂરી એ છે કે પ્રમાણસરનો અને પોષક આહાર લેવો અને શું ખાવુ અને શું ન ખાવુ એની તકેદારી રાખવી. ઘણીવાર આપણને એવુ લાગે છે કે ઓછો ખોરાક લેવાથી અને જીમમાં પરસેવો પાડવાથી વજન ઘટાડી શકાય છે. આ અભિગમ તદ્દન ખોટો છે. શરીરને નિરોગી અને સ્વસ્થ રાખવા માટે ખોરાકમાંથી જરૂરી તમામ પોષક તત્વો મળે એ જરૂરી છે. એક સાથે પેટ ભરીને જમી ન લેતા દિવસ દરમિયાન થોડા થોડા સમયના અંતરે આરોગ્યપ્રદ આહાર લેવો હિતાવહ છે. આ બાબતે થોડી વિગતે ચર્ચા કરીએ.

**સ્વાસ્થ્ય વિષયક...**

- ડો. રાજેશ રામ

### શું, કેવું અને કેટલું ખાવું?

નાનપણથી આપણને શીખવાડવામાં આવે છે કે દુધ એ મનુષ્યનાં શરીર માટે અમૃતનુ કામ કરે છે. જો કે આધુનિક સમયનાં નિષ્ણાંત ડાયેટીશિયનનાં મતે પાંચ વર્ષથી ઉપરનાં લોકો માટે દુધ ઝેર સાબિત થાય છે. ડાયેટીશિયનનાં આ નવા સંશોધને લોકોને વિચારતા કરી મૂકયા છે. માનવજાત માટે કયા ખાદ્યપદાર્થ આરોગ્યપ્રદ છે અને કયો આહાર નુકશાનકારક છે એ અંગે મેડિકલ સાયન્સ અને નિષ્ણાંતોમાં મતમતાંતર પ્રવર્તે છે. દેશી–વિદેશી સંશોધકો અને આહારશાસ્ત્રીઓ ઘણીવાર વિરોધાભાસી નિવેદન કરે છે. આ સંજોગોમાં શ્રેષ્ઠ બાબત એ છે કે તમને જે ખોરાક લેવાનું મન થાય એ વિચારી સમજીને લેજો. આથી જે લોકોને ખાણીપીણીનો શોખ છે તે વજન પણ નિયંત્રણમાં રાખી શકશે. વજન નિયમનમાં મદદરૂપ થતાં કેટલાક આહાર તથા ક્રિયાઓ આપણે જાણીએ.

### ચોકલેટ :–

સામાન્ય સમજણ પ્રમાણે એમ લાગે છે કે ચોકલેટમાં ભારોભાર કેલરી હોય છે. પરંતુ હકીકત એ છે કે શરીરની

**શરીરનું વજન ઘટાડવા માટે જરૂરી નથી કે તમારે ઓછો ખોરાક લેવો, જરૂરી એ છે કે પ્રમાણસરનો અને પોષક આહાર લેવો અને શું ખાવુ અને શું ન ખાવુ એની તકેદારી રાખવી. ઘણીવાર આપણને એવુ લાગે છે કે ઓછો ખોરાક લેવાથી અને જીમમાં પરસેવો પાડવાથી વજન ઘટાડી શકાય છે. આ અભિગમ તદન ખોટો છે. શરીરને નિરોગી અને સ્વસ્થ રાખવા માટે ખોરાકમાંથી જરૂરી તમામ પોષક તત્વો મળે એ જરૂરી છે. એક સાથે પેટ ભરીને જમી ન લેતા દિવસ દરમિયાન થોડા થોડા સમયના અંતરે આરોગ્યપ્રદ આહાર લેવો હિતાવહ છે.**

ચરબી ઘટાડવા માટે ચોકલેટ ઉત્તમ વિકલ્પ છે. ડાર્ક ચોકલેટમાં સાકર કરતા કોકો નામનો પદાર્થ વધારે માત્રામાં હોય છે. આ કોકોમાં રહેલુ એન્ટીઓકસીડેન્ટ શરીર માટે અત્યંત લાભદાયક છે. આ તત્વ શરીરની ચરબીના થરને ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે આનો મતલબ એ થયો કે ચોકલેટ વજન ઘટાડવા માટે ઉપયાગી છે. જો કે એ બાબતનુ ધ્યાન રાખવુ કે ચોકલેટનો બાર એકી સાથે શરીરમાં પધરાવવા કરતા એને નાના નાના ટુકડાઓમાં ખાવી. આમ ચોકલેટથી શરીર એક નવી ઉર્જાનો અનુભવ કરશે અને વજન પણ નહી વધે.

**નિંદ્રા :-**

થોડા સમય પહેલા થયેલા એક સંશોધનનાં તારણ મુજબ જે લોકો એક દિવસમાં આઠ થી નવ કલાક ઉંઘ લેતી હોય તે વ્યકિતઓ વજન સહેલાઈથી નિયંત્રણમાં રાખી શકે છે. પૂરતી ઉંઘને કારણે વજન ઘટાડવામાં મદદ મળે છે. જો તમે પણ તમારૂ વજન ઘટાડવા માંગતા હોય તો પૂરતા પ્રમાણમાં ઉંઘ લો.

ઉંઘ પૂરી ન થવાથી અથવા ઓછી ઉંઘ લેવાથી શરીરમાં ગ્રેલિન નામના પદાર્થનું પ્રમાણ વધી જાય છે. જો શરીરમાં ગ્રેલિનનું પ્રમાણ વધી જાય તો ભૂખ વધારે લાગે છે. આપેલી સુચનાઓનો અમલ કરવો મુશ્કેલ જરૂર સાબિત થાય છે પરંતુ અશકય નથી. જરૂરીયાત કરતા વધુ ખોરાક ગ્રહણ કરવાથી શરીરની અંદર કેલેરી તો ઠલવાય જ છે પણ એનર્જી સ્તર ઘટી જાય છે. શરીરમાં ખોરાકના પચવાની પ્રક્રિયા ધીમી પડી જાય છે. અને આની સીધી અસર સ્વરૂપે શરીરમાં ચરબી જમા થાય છે.

**કોફી :-**

ઘણા લોકોની સવારની શરૂઆત કોફી પીવાથી થાય છે. તેઓ કોફી પીને તાજગીનો અહેસાસ કરે છે. તો બીજા અમુક લોકો દિવસ દરમ્યાન પ્રવૃત રહેતા કોફીનાં સંખ્યાબંધ કપ ગટગટાવે છે. જોકે એક સંશોધનનાં પરિણામ પ્રમાણે કોફીનું નિયમિત અને પ્રમાણસરનાં સેવનથી શરીરમાં ચયાપચયની ક્રિયામાં વધારો થાય છે. આમ શરીરની કેલેરી ઘટે છે. આને કારણે વજન પણ સહેલાઈથી નિયંત્રણમાં આવી શકે છે અલબત આને માટે કોફીનાં સખ્યાબંધ કપ ન લેતા સવારનાં ભાગમાં બે-ત્રણ કપ કોફી લેવી. કોફીના સેવનને કારણે શરીરમાં કેફેનનું સ્તર વધે છે અને વધુ પ્રમાણમાં કેફેનથી નિંદ્રા અને બીજી આડ અસરો અટકે છે.


**ખુશ રહેવું :-**

હસવાથી અને ખુશ રહેવાથી વજનને નિયંત્રણમાં લાવી શકાય છે. જો તમે ખુશ અને સંતુષ્ટ હોય તો તાણ ઉત્પન કરનારા કોર્ટિસોલ નામનાં હોર્મોનનાં સ્તરમાં ઘટાડો થાય છે. કમર અને પેટની ફરતે ચરબીના થર માટે આ હોર્મોન સીધી રીતે જવાબદાર છે.

માનવીએ પોતાનાં કુટુંબ, સમાજ, અને દેશ પરત્વેની ફરજો નીતિપુર્વક અદા કરવાની સાથે સાથે પોતાનાં સ્વાસ્થ્ય બાબત પણ પુરતું ધ્યાન રાખવુ જોઈએ. ઘણીવાર એવુ બને છે કે સૌનુ ધ્યાન રાખતા રાખતા વ્યકિત પોતે પોતાના સ્વાસ્થ્ય બાબતે બેદરકાર રહી જતાં અનેક રોગોને આમંત્રણ આપી બેસે છે અને જયારે તેને આ બાબતે ખબર પડે છે ત્યારે ઘણુ મોડું થઈ જતું હોય છે. આથી જ આપણામાં કહેવત છે કે, 'પહેલુ સુખ તે જાતે નર્યા.' વ્યકિતનું શરીર રોગરહીત હશે તો તેનું મગજ પણ તંદુરસ્ત રહેશે અને આને લીધે તેને યોગ્ય નિર્ણયો લેવામાં આસાની રહેશે.

મિત્રો, આથી તમે પણ આજથી જ નક્કી કરો કે હું મારા સ્વાસ્થ્ય બાબતે પુરૂ ધ્યાન આપીશ અને મારી સાથે મારા સમાજ અને દેશને પણ સ્વસ્થ બનાવીશ કારણકે દેશની પ્રજા સ્વસ્થ રહેશે તો દેશ પણ સ્વસ્થ અને સલામત રહેશે... ❖

# मुंबई के अंडरवर्ल्ड की खोफनाक बातें




*(गतांक से शुरु)*

मायानगरी मुंबई का अंडरवर्ल्ड हंमेशा से ही भारतीय जनमानस के लिये एक कुतुहल का विषय रहा है । जहाँ ईस जगह ने कुछ रोबिन हुड जैसे गरीबो के मसीहा माफियाओ को जन्म दीया, वहीं ईसी जगह से उभरा दाउद जैसा एक गेंगस्टर जिसने डोन की परिभाषा बदल कर रख दी ।

मुंबई अंडरवर्ल्ड में एक से बढ कर एक किरदार हुए है । यहाँ की कहानी का तिलिस्म ही कुछ ऐसा है की फिल्म हो या साहित्य, कोई भी ईसका उल्लेख करने का मोह नहीं छोड पाता । हमने आपको अगले अंक में ही कहा था की हम आप को अंडरवर्ल्ड का वो चहेरा सामने लानेकी कोशिष करेंगे, जो आज तक लोगों की नीगाहों से छुपा रहा । आज की पेशकश में लेकर आये है हम आपके लिये एक ऐसी कहानी जो परिचय करायेगी एक ऐसे माफीया की जिसने न केवल मुंबई की जमीन, बल्की समंदर पर भी राज किया ।




वरदराजन मुदालियार उर्फ वर्धाभाई के चेन्नई चले जाने के बाद मुंबई अंडरवर्ल्ड की दुनिया में जो नाम डोन का पर्याय बन गया वो था हाजी मस्तान ।

१ मार्च १९२६ को तामिलनाडु के पनैकुलम में हैदर मिर्जा के घर एक लडका पैदा हुआ । हैदर मिर्जा एक बेहद ईमानदार और महेनतकश किसान था, लेकीन अत्यंत गरीबी के कारण उसने अपनी जमीन और अपना गाँव छोडना पडा । १९३४ में अपने बेटे के साथ वो ईसलिये मुंबई आया की उसे लगा की उसके बेटे को वह एक अच्छी जींदगी दे शके ।

उसने कई धंधे में हाथ अजमाया, लेकिन वो सफल नहीं रहा । अंतमें उसने मुबई के बंगाली टोलामें साईकिल रीपेर की दुकान खोल ली । ईस साईकिल के धंधे में भी उसको रोज की ५ रूपिये की कमाई होती थी ।

गरीबी के बावजुद हैदर मिर्जा का लडका मस्तान मिर्जा कार्फोड मार्केट की अपनी दुकान से अपने घेट्टो की बस्ती वाले घर जाते समय रास्ते में बनी

बडी बडी ईमारतो, आलीशान होटलो, लंबी लंबी कारों और मालाबार हिल्स में खूबसूरत कोठियों को निहारता था। उसे उम्मीद थी की एक दिन उसके पास भी ये सब होगा।

सपनों को सच करने की मस्तान की चाहत जैसे-जैसे बढ रही थी वैसे-वैसे सही रास्ते पर चलने का उसका होसला कमजोर होता जा रहा था। बचपन के गुजरने के साथ जवानी में कदम रखने वाला मस्तान मिर्जा कीसी भी हालत मे अपनी गरीबी से छूटकारा पाना चाहता था लेकीन मस्तान का बाप हैदर बहुत ही मजहबी सोच वाला इन्सान था और उसने उसे हंमेशा ईमानदार और महेनती बनने की नसीहत दी थी। मस्तान को मुंबई बंदरगाह के कामगारो के साथ सामिल होने की इजाजत दे ते हुए उसने याद दिलाया की उसने उसे पाल-पोषकर बडा किया है, अब वो हर वक्त उस पर निगरानी रखने के लिये उसके पास नहीं रहेगा। ईस लिये मस्तान को चोरी, मारपीट और अपनी बेहतरी के लिये गलत तौर तरीके से दूर रहने को कहा।

१९४४ में मस्तान एक कुली के रूपमें मुंबई के बंदरगाह में सामिल हुआ। उसका काम दुबई, होंगकोंग और दूसरे शहरो से आने वाले जहाजो से भारी भरकम बक्से और कन्टेनर उतारना था। मुंबई उस वक्त ईतना बडा बंदरगाह नहीं था लेकिन फीर भी वहाँ काफी चहल पहल का माहोल हुआ करता था।

जब १९४७ में हिंदुस्तान ने आझादी हांसिल की थी, तब मस्तान




मुंबई के मझगांव बंदरगाह पर कुली के रूपमें अपने तीन साल पूरे कर रहा था। उन तीन सालों में मस्तान ने ये जान लीया की अंग्रेज बाहर से आने वाले माल पर सीमा शुल्क वसूल करते है और अगर सीमा शूल्क बचाया जा शके तो अच्छी खासी रकम बनाई जा शकती है। उस जमाने में मुंबई में फिलिप्स ट्रांन्झीस्टर और विदेशी घडियाँ बहुत ज्यादा लोकप्रिय हुआ करती थी।

मस्तान ने पाया की अगर माल को कस्टम के मारफत गुजरने ही न दीया जाये तो सीमाशुल्क का सवाल ही पैदा नहीं होगा, और ईसलिये वह ईस बचत का लाभ सीधे सामान के मालिको तक पहुंचाकर तेजी से पैसा बना शकता है। और अगर वह सीमाशुल्क बचाने में मालिको की मदद कर शके, तो वे उसे ईस मुनाफे का एक हिस्सा देंगे जो उसके लिये बहुत ही बडी रकम साबित होगी। माल की ऐसी हेराफेरी की फिराक में उसकी मुलाकात शेख मुहम्मद अली गालिब नामक व्यक्ति से हुई, जब की गालिब को भी एसे ही एक मजबूर लेकीन होंशियार लडके की तलाश थी।



आझादी के तुरंत बाद जब देश में स्मग्लींग की शुरूआत हो रही थी, तब यह काम बेहद छोटे पैमाने पर होता था। उस वक्त कुछ घडियाँ, सोने के बिस्कूट और एकाद ट्रांन्झीस्टर छुपाकर लाना ही स्मग्लींग कहेलाता था। गालिब ने मस्तान को ये लालच दिया


की अगर वह कुली बन जाये तो अपने कपडो और जोले में वो ईस तरह के सामान चुरा कर आसानी से बिना सीमाशुल्क के बाहर ला शकता है। ईस के बदले में शेख ने उसे अच्छा ईनाम भी दिया।

कुछ ही महिनो में मस्तान ने पाया की उसकी तनख्वाह १५ रू से बढ कर ५० रू हो गई है। उसे गालिब के साथ काम करने में मजा आने लगा और वह जल्द ही अरब के चहेते लडके के रूपमें जाना जाने लगा। अब वह ऐसा कुली था की जीस पर ध्यान दिया जाता था। बडी बात यह थी की उसकी धाक के चलते और इस सच्चाई के चलते ही वह एक प्रभावशाली और अमीर अरब का चहिता था और स्थानीय गुंडो का ध्यान उसकी तरफ आकर्षित होने लगा।

ऐसा ही एक दादा या स्थानीय गुंडा था शेरखान पठान, जो मझगांव बंदरगाह पर अपनी मनमानियां कीया करता था। ये वो दिन थे जब बंदरगाहो पर कोइ युनियनबाजी नहीं हुआ करती थी। वह कुलीयों से पैसे वसूलता था। जो कुली पैसे देने से इन्कार करे तो उन्हे पठान और उसके आदमी पीटते थे।

मस्तान यह नजारा रोज-रोज देखता आ रहाथा। उसने देखा की पठान जैसा व्यक्ति, जिसका न तो बंदरगाह से कोई ताल्लुक है और वो न कोई कुली है। उसे बंदरगाह पर आकर महेनतकश कुलीयों को धमकाने और उनसे पैसे अैठने की छूट क्यों मिलनी चाहीए ? मस्तान वैसे भी हिम्मतवर लडका था, उसने खान से निपटने की ठान ली।

मस्तान ने कुछ और हट्टे-कट्टे लोगों को इकट्ठा किया, उनके साथ बैठा और उन्हे समजाया की शेरखान पठान भी उन्ही के जैसा एक ईन्सान ही है। अगर शेरखान उन्हें अपने हाथों से पीट शकता है, तो उनके मजदूर के हाथ उससे भी ज्यादा ताकतवर है, वे ज्यादा शख्त और महेनत के अभ्यस्त है। अगर



वे एकजुट होकर पठान और उसके गुंडो को पीटने के लिये अपनी ताकत लगा दें तो वे निश्चित तौर पर कुलियों और उनकी बिरादरी को गुंडो से छुटकारा दिलाने में कामयाब हो शकते है।

अगले शुक्रवार को जब पठान अपनी वसूली के साप्ताहीक दौरे पे आया तो उसने देखा की लंबी कतार में दश व्यक्ति भी मौजुद नही थे। ईसके पहले की वो हालात को भाँप पाता, **मस्तान और उसके आदमियों ने पठान और उनके साथीयों पर हमला बोल दीया। पठान के पास अपना रामपुरी चाकु और गुप्तियाँ भी थी और मस्तान और उसके लोगों के पास लाठियाँ और छडी थी। पठान के साथ सिर्फ चार आदमी थे, जब की मस्तान के साथ दश आदमी थे। वो पठान की गुप्तियों और रामपुरीयों के बावजुद उसे पछाडने में कामीयाब रहा। अंतमें लहु लुहान होकर पठान और उसके चमचों को जान बचाकर वहाँ से भागना पडा, ईस फतह ने कुलियों की बिरादरी में मस्तान की ख्याति और बढते हुए रूतबे में और भी ईजाफा कर दिया।**

**(क्रमशः...)**




**सियासी मंच पर मस्तान...**

ડૉ. આર. જે. કડીવાર
ડૉ. (મીસીસ) શહેનાઝ આર. કડીવાર
મેડિકલ ડાયરેક્ટર
Mo. 98798 26156

# કડીવાર
## મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ




Be Healthy... Be Happy

ગાયત્રી સોસાયટી,
જકાતનાકા અને
માધાપર ચોકડીની વચ્ચે,
જામનગર રોડ, રાજકોટ.

**ોસ્પિટલ નંબર : 84697 86933**

+91 98245 17293 +91 99988 89069 +91 99249 84849

VEG

# SUNNY PAJI DA DHABA

KHAO, PIO, AISH KARO....

Since 1985

PUNJABI

CHINESE

## PUNJAB
## Amritsar Wale





Patiyala Lassi...





Opp. Para Pipaliya Bus Stand, Rajkot-Jamnagar Highway, Rajkot.

Mo. 96623 89939

Great Location, Service & Stay.....

# HOTEL DHANRAJ PALACE

## TARIFF DETAILS


| Room Type | Single | Double |
|---|---|---|
| Non A.C. | 650/- | 850/- |
| A.C. | 950/- | 1250/- |
| Royal Suite | 2250/- | 2650/- |

- heck Out Time 12 Noon
- tra Person Rs. 200/-
- T As Applicable
- riff Subject to Change

Opp. Khadi Bhavan, Trikon Baug, Dhebar Chowk,
Near Bapu's Bawla, Rajkot - 360 001. (Gujarat)
Tel : (0281) 2241936 / 37, E-mail : hotel_dhanraj@yahoo.com

step to green future

captain®









| Drip | Sprinkler | Mini Sprinkler Irrigation System | HDPE Pipe | Green House |
| uPVC Column Pipe | Pressure Pipe & Fittings |
| uPVC / CPVC Plumbing Pipe & Fittings | SWR Pipe & Fittings |

**CAPTAIN POLYPLAST LTD.**

Survey No. 267, Plot No. 10A, 10B & 11, N.H. No. 27, SHAPAR (Veraval), Dist. Rajkot-360 024 (Gujarat) India. Telefax : +91-2827-253006, 252056
e-mail : sales@captainpolyplast.in | web : www.captainpolyplast.com

**CAPTAIN PIPES LTD.**

Survey No. 257, Plot No. 23 to 28, N.H. 27, SHAPAR (Veraval), Dist. Rajkot. (Guj.) INDIA Ph.: +91-2827-252410 Mo : +91-9909029066
e-mail : info@captainpipes.com | web : www.captainpipes.com

DEALER & DISTRIBUTOR INQUIRIES ARE SOLICITED

If Undelivered, Please return to :

Raj Complex, Opp. Star Plaza,
Fulchhab Chowk,
Rajkot - 360 001.

To,